
# મુખપૃષ્ઠ



# અપિ ચ

# અપિ ચ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : કથાસાહિત્ય : ટૂંકી વાર્તા

સુરેશ જોષી

અપિ ચ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


મુખપૃષ્ઠ vi
'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ viii
સર્જક-પરિચય 1
અપિ ચ iii

એક પુરાણી વાર્તા 5
એક મુલાકાત 10
કપોલકલ્પિત 15
રાક્ષસ 20
વરપ્રાપ્તિ 27
ઝેર 34
પ્રત્યાખ્યાન 39
વર્તુળ 45
પદભ્રષ્ટ 51

વીરાંગના 56

– 62

# મુખપૃષ્ઠ

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# અપિ ચ

Once again exile, once again the soul

All alone climbing back into its castle.

**– Paul Claudel**

*

The writer wants his work to be recognized not as a cry rising from his animal self, under the impact of pain, bewilderment or fear, but as the result of a planned creation, that is to say, doubly free; free first of all as a creation, since by its very definition, if we create something it means that the germ of that thing was not wholly contained in the preceding moment.

If we create, it means that there is something new in relation to any anticipation that might have been made at the immediately preceding moment. Free, secondly in the sense of planned, that is to say, as an activity which

regulates itself by its own laws. Here we find the second sense of freedom, autonomy, the possibility of acting by the representation of laws and not under the stress of laws. Consequently, this double character implies that the author, when he has taken pains to invent something and create it according to a plan, demands that he be recognized as free because he is the author of a free creation.

**– Jean Paul Sartre**

# એક પુરાણી વાર્તા

ઓરડામાં દાખલ થતાં મને લાગ્યું કે એટલા વિસ્તારમાં સમાઈ શકે તેથી વધારે શાન્તિ એમાં પુરાઈને પડી હતી. મારા દાખલ થવાથી એ શાન્તિને જાણે પોતાનાં અંગ વધુ સંકોચવાં પડ્યાં, એના આ સંકોચનનો મને અનુભવ થયો. ઘડીભર કશોક પ્રવાહ મારી ચારે બાજુ થઈને, છતાં મને સ્પર્શ ન થાય એ રીતે, વહી જતો હોય એવું લાગ્યું. એ નીરવ વેગને હજુ તો હું સમજવા મથતો હતો ત્યાં ચકરી ખાતા વમળના કેન્દ્રમાં હું ફસાયો હોઉં એવું મને લાગ્યું. પથ્થરના ખડકો વચ્ચે રૂંધાઈને ધૂંધવાઈને વહેતી તાપીના પ્રવાહમાં અજબ સિફતથી તરાપા ને વાંસને ટેકે સહીસલામત હંકારી જનાર કુશળ નાવિકો મને યાદ આવ્યા. હું પણ કશોક ટેકો શોધવા લાગ્યો. ટક ટક અવાજ કરતું ઘડિયાળ, પવન આવતાં પાનાંનો ફર ફર અવાજ કરતું કેલેન્ડર, એકાદ કંસારી, અરે કાંઈ નહિ તો ગુપચુપ ચાલી જતી એકાદ કીડી – પણ કશું જ હાથ લાગ્યું નહિ. ને મને સમજાયું કે મારી સાથે કોઈ જ નહોતું. શાન્તિ સિવાય એ ઓરડામાં મારી સાથે કોઈ જ નહોતું! હું હતો ને શાન્તિ હતી એવાં બે જુદાં વાક્યો પણ કદાચ અહીં સમાઈ શકે એમ નહોતું. મેં ઓરડામાં કલ્પનાથી વસતિ વસાવવાનો પ્રયત્ન કર્યો. સાંજના છના સુમારે હું જાણે ફ્લોરા ફાઉન્ટન કે બોરીબંદર આગળ ઊભો છું. માથે બોજો લાદીને ચાલી જતા પાટીવાળાને બચાવવાને કોઈ મોટર હાંકનારે એકાએક દાબેલી બ્રેકનો અવાજ, વળાંક લેતી ટ્રામનો અવાજ, દલીલબાજીમાં ઉશ્કેરાયેલા બે માણસોનો અવાજ – મેં કાન માંડીને સાંભળવાનો પ્રયત્ન કર્યો; પણ કશું સંભળાયું નહિ. ટ્રાફિક સિગ્નલનો ચતુર્મુખ લાલ દીવો નિસ્તબ્ધ ઊભો છે. એણે બધી બાજુના વ્યવહારને થંભાવી દીધો છે. કશું બનતું નથી. કશુંક બનવાની અપેક્ષા માત્ર છે, લાલ દીવાની નિષ્પલક દૃષ્ટિમાત્ર છે, માણસો છે,

પણ સ્થિર, શાન્ત. કશાનુંય વર્ણન કરવા જઈએ ને આખરે 'શાન્ત' કહીને અટકી જવું પડે.

મને ત્યાં એકાએક એક ઉપાય સૂઝ્યો: આટલામાં ક્યાંક દર્પણ તો હશે જ ને! એ દર્પણમાં પ્રતિબિમ્બને જોઈ શકાશે, ને એ પ્રતિબિમ્બને આધારે બિમ્બને સ્થાપી શકાશે. શાન્તિના પ્રલયમાંથી દર્પણને આધારે ઊગરી જવાશે!

ને મેં દર્પણ શોધી કાઢ્યું, પણ એ દર્પણ છતાં દર્પણ નહોતું. મેં એમાં જોયું તો મને ક્યાંય મારું પ્રતિબિમ્બ ન દેખાયું. એ દર્પણની પારદર્શકતાના શૂન્ય અવકાશમાં મારું પ્રતિબિમ્બ ખોવાઈ ગયું. મારા બિમ્બને કશો પ્રતિરોધ જ નડ્યો નહીં. મને સમજાયું: આ શાન્તિ એટલે જ પ્રતિરોધનો અભાવ. અહીં બધું બધાંમાં ભળી જઈને નિરાકાર નિસ્તબ્ધ થઈ જતું હતું. મેં ખુરશી પકડીને પછાડવાનો પ્રયત્ન કર્યો પણ ખુરશી તરફથી કશો વિરોધ થયો નહિ, એ મારી પકડમાં આવતાં જ ઓગળી ગઈ. દીવાલને મુક્કી મારી, મારો હાથ જાણે વાદળમાં લપાઈ ગયો.

બહારથી તો કશો વિરોધ રહ્યો નહિ, એટલે મેં દૃષ્ટિ અંદર વાળી. મારા લોહીમાં રહેલી ને સહેજમાં છંછેડાઈ ઊઠતી ઈર્ષ્યા, તિરસ્કાર, ક્રોધની લાગણીઓ, દક્ષિણમાંથી પવનની લહેરી આવતાં અકારણે અધીર બની ઊઠતા હૃદયનું તરફડવું – પણ આ ઓરડામાં વ્યાપેલી શાન્તિએ રોમેરોમ વ્યાપી જઈને એ બધું જ શોષી લીધું હતું. આ સર્વગ્રાસી શૂન્યનું ભયંકર રૂપ મારી આગળ પ્રગટ થવા માંડ્યું ને હું ધ્રૂજી ઊઠ્યો. રોષનો ફુત્કાર, તિરસ્કારનો ડચકારો એટલુંય પ્રકટ ન કરી શકાયું.

મેં કાન સરવા કરીને સાંભળવાનો પ્રયાસ કર્યો. બહાર અન્ધકારનું ટોળું જઈ રહ્યું હતું – સ્મશાનમાંથી કયામતને દિવસે ઊઠીને નીરવ ચાલી જતી પ્રેતાત્માની વણઝારની જેમ. એ બધાંમાંથી શૂન્યનો પિણ્ડ બંધાતો હતો. અજાણ્યા ભયની અરેરાટી મને થઈ આવી.

મને થયું કે બધું બળ એકઠું કરીને હું આ શૂન્યના વિસ્તરતા જુવાળની આડે પાળ બનીને ઊભો રહું. મેં મારી જાતને એકઠી કરવાનો પ્રયત્ન કર્યો. પણ જેની આજુબાજુ હું મારું

કોકડું વીંટાળી શકું એવું કશું મને હાથ લાગ્યું નહિ. આ વાતનું ભાન થતાં હું વળી ભયથી ધ્રૂજી ઊઠ્યો.

શૂન્યની છોળ ઊંચે ને ઊંચે ઊછળવા લાગી. આજ સુધી મેં જેટલા શબ્દો વાપર્યા હતા, ઉપજાવ્યા હતા, તે બધા જ મરણિયા બનીને લાવી લાવીને ખડકવા માંડ્યા ને એ રીતે શૂન્યના પ્રવાહને ખાળવાનો પ્રયત્ન કર્યો. પણ મીઠાનો ગાંગડો જેમ પાણીમાં પડતાંની સાથે ઓગળવા માંડે તેમ શૂન્યની છાલક વાગતાંની સાથે બધા શબ્દો ઓગળવા લાગ્યા. મેં શબ્દોને ઉથલાવી તપાસીને જોયા. દરેકના હૈયામાં ફાટ હતી, સાંધો હતો. કોઈ શબ્દ આખો નહોતો. એ સહેજ સરખી ફાટમાંથી, એ નાના સરખા છિદ્રમાંથી શૂન્યને આરપાર જવાનો માર્ગ મોકળો થઈ જતો હતો.

મેં મરણિયા બનીને શોધ આદરી – એવી કોઈ લાગણી, એવી કોઈ વસ્તુ, એવી કોઈ સ્મૃતિ, એવો કોઈ શબ્દ જડે જેમાં ફાટ ન હોય, સાંધો ન હોય. પણ જેમ કોઈ પુરાણી પોથીનાં પાનાં હાથમાં લેતાં જ તૂટી જાય તેમ બધું તપાસવા જતાં જ હૈયું તૂટવા લાગ્યું. ઓગળીને શૂન્યમાં એકાકાર થઈ જતા એ ભંગારની વચ્ચે હું ઊભો રહ્યો. મારા ભયની માત્રા વધી.

ચારે દિશા અપ્રતિરોધ્ય શૂન્યમાં ભાંગીને ઓગળી જતા બ્રહ્માણ્ડના નીરવ ભેંકારથી ધ્રૂજી ઊઠી. કશીક અકળ કસક સણકી, વેદનાનો થડકાર સર્વત્ર વરતાયો. પેલી કઠોરગર્ભા આસન્નપ્રસવા શાન્તિના ઉદરમાં રહેલો ગર્ભ જ જાણે ફરક્યો. પ્રગટ થઈને પોતાનો આગવો આકાર ધારણ કરવા ફાટું ફાટું થઈ રહેલા કોઈ બીજની એ વેદના હતી.

કશાક અતૂટ અખણ્ડની શોધમાં હું છેક શૈશવના સીમાડા સુધી પહોંચી ગયો. ભાષાનો છેડો ત્યાં સુધી પહોંચતો નહોતો, આકારો પણ પૂરા બંધાયા નહોતા, આથી નામોનો પણ જન્મ થયો નહોતો. એવી એ સૃષ્ટિના અતાગ ઊંડાણમાં નાની શી પણ અખણ્ડ એક ક્ષણની રત્નકણિકા મારી દૃષ્ટિ સમક્ષ ઝળહળી ઊઠી. મેં એને ધારીધારીને જોઈ – ક્યાંય ફાટ નહોતી, સાંધો નહોતો. સદ્યોજાત શિશુના જેવી નરવી એવી કાન્તિ હતી. બાળપણની એ ક્ષણ ઉપર વહાલથી ઝૂકેલું માતાનું મુખ, પણ એ કાંઈ માતાના મુખરૂપે

નહોતું દેખાયું. સોનચંપા જેવો એક રંગ, એમાં પેલા તલનું કાળું ટપકું, કપાળમાંનો લાલચટ્ટક ચાંદલો, ને આકાશ જેવો ભૂરો એની સાડીનો ફરફરતો પાલવ – આ ચાર રંગોને જોઈ હું સહજ જ હસી પડ્યો હતો. એ હસવાનો કલસ્વર સાંભળી મા હસી, અમારા બેના હાસ્યનો સંગમ છલકાઈ ઊઠ્યો, માળા ફેરવતાં મારાં દાદીમાય એક મણકો ફેરવવાનું ચૂકી ગયાં ને છાનું હસી લીધું. આ હાસ્યના ત્રિવેણી સંગમમાંથી જન્મેલી એ ધન્ય ક્ષણની રત્નકણિકા શૂન્યના જુવાળ સામે ટકી રહી. એને અથડાઈ અથડાઈને શૂન્યનાં પૂર પાછાં વળ્યાં. રાત્રિના પાછલા પહોરના પાણ્ડુ અન્ધકારનાં લથડતાં પગલાં મને સંભળાયાં. શૂન્યની આડે પ્રતિરોધ ઊભો થયો. એ પ્રતિરોધમાંથી સંચાર ઊભો થયો. એ સંચારના વેગનો ધક્કો વાગતાં પવનની લહર નીકળી પડી ને કળીની બીડેલી પાંખડી સાથે અથડાઈ, પાંખડીનો પડદો ખૂલી ગયો. એના ખૂલવાના વેગનો ધક્કો સૌરભને લાગ્યો ને એ ફૂલની બહાર છલકાઈ પડી. ઝાડની ડાળીઓની આડશે પોઢેલા પંખીની પાંખને એ ધક્કો લાગ્યો ને એણે પાંખો ફફડાવી, એનો કણ્ઠ ખૂલ્યો. પ્રભાતના પ્રકાશની પહેલી ટશર ફૂટી. તેજનું કિરણ નાચતું કૂદતું દોડ્યું. પોઢેલા શિશુની કુસુમકોમળી પાંપણની બિછાત પર આરામ લેવા બેઠું. ત્યાં બાળકે આંખ ખોલી. એમાંથી તેજનું બીજું કિરણ નીકળ્યું. એ બંને વચ્ચે ભારે દોસ્તી જામી. ટહેલતાં ટહેલતાં એ મારા ઓરડામાં આવ્યાં. મારું આંધળું દર્પણ દેખતું થયું. મને મારું પ્રતિબિમ્બ મળ્યું. અમે તાળો મેળવી લીધો. સામા ઘરની બારી ખૂલી. જોયું તો તરતના જન્મેલા બાળકને દાક્તર બે પગે ઝાલીને ઊંધું લટકાવીને વાંસામાં ઠપકારતા હતા. પેલા ફૂલમાંની સુગન્ધની દોસ્તી બાંધીને ટહેલવા નીકળી પડેલી હવાની લહર કુતૂહલથી, એ બાળક પણ કોઈ નવી જ જાતનું ફૂલ છે એમ માનીને, એનાં ઝીણાં ઝીણાં નસકોરાંમાં પેઠી. બાળક રડ્યું, માતા હસી. એ હાસ્ય અને એ રુદન એકબીજાની આંગળી ઝાલીને, ટહેલવા નીકળી પડ્યાં. તેજનાં પતંગિયાંની ઊડાઊડ શરૂ થઈ ગઈ. ઊંડા કૂવામાં સંતાયેલા નાનકડા પીપળાના કૂણા પાનને એણે સોને મઢી લીધું, એ જોઈને કૂવામાંનો અન્ધકાર વધુ ઊંડે જઈને ભરાયો. બાળકો જાગી જાય તે પહેલાં માતા અને પિતા છાનામાનાં ધીમે અવાજે થોડી વાતો કરી લે તેમ સંસાર જાગતો થાય તે પહેલાં આકાશે ઝૂકીને ધરતી જોડે કાંઈ ગુસપુસ વાત કરી લીધી. એના આછા ભણકાર મને મારી નાડીમાં સંભળાયા. એનો સંદેશ ઝીલીને હું મારી પત્નીને પહોંચાડવા ગયો. એણે હજુ આંખો ખોલી નહોતી. કહે છે કે દરરોજ સવારે જાગતાં પહેલાં આપણે આપણા બધા

જ ગતજન્મોની સૃષ્ટિમાં ઘૂમી આવીએ છીએ. એ એના આગલા જન્મની સૃષ્ટિમાં ‘જનનાન્તરેઅપિ ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ’ એવું રટણ કદાચ કરતી હતી. એવું એના તન્દ્રામાં ફરકતા હોઠે ઉપસાવેલા અક્ષરોમાં વાંચી લીધું, ને મને પણ એવી જ કશી ભાષા વાપરવાનું મન થયું. મેં એના ગાલના ચિબુક તરફના ઢોળાવ પરથી મારી આંગળીને લપસવા દીધી. મારી એ સુખે લપસતી આંગળીએ એના કપોલની મસૃણતામાં તથાસ્તુ લખી દીધું ને એ ભીરુ સચકિત નયનો ખૂલ્યાં, એમાં કૃત્રિમ રોષની અરુણાઈ છલકાઈ ઊઠી. એને મેં આકણ્ઠ પી લીધી. ત્યાં બાજુમાંથી બે નાના હાથ લંબાયા, બે નાના પગોની લાતંલાત શરૂ થઈ ગઈ ને અમારાં બેનાં ઝૂકેલાં મુખને જોઈને એ દન્તહીણા હાસ્યનો કલસ્વર આખા ઓરડાને ભરી દઈને છલકાયો. ઘડિયાળની કમાનના આંટામાં સોડિયું વાળીને બેઠેલા જરઠ કાળને પણ ગલગલિયાં થયાં.

પછી તો કોયલ બોલી, મિલનું ભૂંગળું થયું. નિશાળનો ઘણ્ટ વાગ્યો, દાળમાં વઘાર થયો, પતરાં ભરેલી લારી ગઈ, ક્યાંક યુદ્ધમાં સનનન કરતી ગોળીઓ છૂટી, ઝાડ પરથી પાંદડું ખર્યું, સ્પુટનિક ચન્દ્રને ઘસાઈને સૂર્ય તરફ દોડ્યું, અમારા તળાવમાં રહેતી જળપરીએ ઊંઘમાં આળસ મરડી ને એના હાથ તળાવની સપાટી પર કમળ બનીને ખીલી ઊઠ્યાં.

આ વાત પહેલાં ભગવાને લક્ષ્મીજીને કહી હતી, તે બ્રહ્માજી સાંભળી ગયા હતા; બ્રહ્માજી પાસેથી સરસ્વતીએ સાંભળી ને સરસ્વતીએ મારા કાનમાં કહી, તે મેં તમને કહી સંભળાવી.

•

(સંસ્કૃતિ, એપ્રિલ, 1959)

# એક મુલાકાત

આખરે હિંમત કરીને મેં શ્રીપતરાયને મળવા જવાનું નક્કી કર્યું. ત્યારથી જ જે કાંઈ કર્યું વિચાર્યું તેના પર એનો પાસ બેસી ગયો. પત્ની સાથે વાત કરતો હતો ત્યારેય મારું મન થોડો સમય ચોરીને શ્રીપતરાય સાથેની વાતચીતમાં વાપરવાનાં વાક્યો શોધી લેતું હતું. શ્રીપતરાયના ચશ્મા, આંખોને ઝીણી કરીને સામેના માણસને આખો તપાસી લેતી એમની દૃષ્ટિ, બોલતાં બોલતાં સહેજ અટકી જઈને હવે પછી જે બોલવાનું છે તેના પર જાણે તમારું ભાવિ તોળાઈ રહ્યું છે એવી ભીતિ ઉત્પન્ન કરવાની એમની કુનેહ, એમની ગળા પરની ફૂલેલી નસ, એમના ચરબીથી સ્ફીત ગાલ – આ બધું અત્યાર સુધી ક્યાંક વેરણછેરણ પડ્યું હતું તે એમને મળવા જવાનો નિશ્ચય કરતાંની સાથે, એ નિશ્ચયની જ કશીક ચુમ્બકીય શક્તિથી, એકત્રિત થઈને એક પુદ્ગલરૂપ બની ગયું, ને એ સંચિત પુદ્ગલનો મને ભાર લાગવા માંડ્યો. એ ભારને છાતીએ બાંધીને જ મેં રાત ગાળી, સવાર થતાં મુલાકાતને માટે નક્કી કરેલા સમય પહેલાં જ હું ઘેરથી નીકળી ગયો. શ્રીપતરાયને ઘરે પહોંચ્યો ત્યારે જોયું તો હું અધી કલાક વહેલો હતો. છતાં હું એમના બંગલાના પોર્ચમાં દાખલ થયો, પગથિયાં ચઢ્યો ને કોલબેલ દાબ્યો. અંદરથી એના વાગવાનો અવાજ સંભળાયો. ને એ સાંભળતાંની સાથે જ મને એમ લાગ્યું કે પાણીના પૂરથી ઘેરાયેલું કોઈક શહેર આજુબાજુની દુનિયાથી વિખૂટું પડી જાય તેમ હું એ આજુબાજુની દુનિયાથી વિચ્છિન્ન થઈને પેલા અવાજે અવકાશમાં રચેલા આન્દોલનની તસુભર ભોંય પર જ ઊભો રહી ગયો છું.

આ સ્થિતિમાં મુકાયેલી મારી જાત પર નજર નાખું ત્યાં તો બારણું ખૂલ્યું. અંદરના

વેન્ટિલેટરના કાચ પરથી પરાવર્તિત થઈને આવતો તડકો જાણે કોઈએ ડૂચો વાળીને મારી ભણી ફેંક્યો હોય તેમ આંખ સાથે અથડાયો. આથી બારણું ખોલનાર વ્યક્તિને હું જોઈ શક્યો નહિ, પણ એનો અવાજ સાંભળતાં મને સમજાયું કે એ કોઈ સ્ત્રીનો અવાજ હતો: આપને કોનું કામ છે? મારે માટેનું આ 'આપ'નું સમ્બોધન સાંભળીને મને આજુબાજુની દુનિયા સાથેની મારી વિચ્છિન્નતાની ખાતરી પૂરેપૂરી થઈ ગઈ.

મેં કહ્યું: શ્રીપતરાય...

અહીં વાક્ય પૂરું બોલવાની જરૂર નહોતી, અહીં ભાષા નિશ્ચિત સંકેતોના તારણરૂપ બની ગઈ હતી. વળી હું આંખ પરના તડકાથી ઝંખવાયેલી આંખે મારી સાથે વાત કરી રહેલી સ્ત્રીને ઓળખવા મથતો હતો.

મને જવાબ મળ્યો: એ તો બહાર ગયા છે, અધીએક કલાક પછી આવશે.

વાત પૂરી થઈ. બીજું કશું ન સૂઝતાં હું ત્યાં ને ત્યાં, મારી ઝંખવાયેલી આંખે એ વ્યક્તિ તરફ તાકતો ઊભો જ રહી ગયો. થોડી ક્ષણો એમ ને એમ જ પસાર થઈ ગઈ. આ સ્થિતિનો અન્ત લાવવા આખરે મેં બોલી નાંખ્યું: હું હસમુખ ત્રિવેદી.

આટલું બોલીને હું અટકી ગયો. મારા ઉચ્ચારેલા નામના ધ્વનિના, બારણાના ચકચકતા આગળા ને બારીના તડકાથી ચમકતા કાચની સાથે અથડાઈને ચૂરેચૂરા થઈ ગયા.

ત્યાં મને કહેવામાં આવ્યું: આવો, આપ અહીં બેસો.

મને ચીંધી બતાવવામાં આવેલી ખુરશી પર હું બેઠો. એ ખુરશીનું ચોકઠું જાણે મને પૂરેપૂરું ગળી ગયું.

થોડી વાર રહીને મેં આજુબાજુ નજર ફેરવી, એ ઓરડામાંનાં હવા અને ભેજ મને જુદાં લાગ્યાં. કોઈ ગ્રહ ઉપર જઈને ફેંકાયો હોઉં ને ત્યાંની પાતળી હવા લેતાં મૂંઝવણ થતી હોય તેવો અનુભવ મને થયો. હું બેઠો હતો તે ઓરડો કદાચ મુલાકાતીઓને માટેનો જ ઓરડો હતો. એમાં ઘડીક આવીને ચાલ્યાં જતાં આગન્તુકોનાં ગભરાટ, અધીરાઈ,

ઉત્સુકતા હવામાં તરવરી રહ્યાં હતાં. એક બાજુનું બારણું મુખ્ય ખણ્ડમાં પ્રવેશ કરાવતું હતું. એ બંધ હતું. એની પોલિશ કરેલી ચમકતી સપાટી પરનું તેજ પોતે જ જાણે હાથ આડો ધરીને એમાં પ્રવેશ કરનારને રોકતું હતું. એની બાજુમાં એક દર્પણ હતું. એના પર મારી નજર ગઈ. એમાં મારી છબિ દેખાતી હતી. એ ઓરડાના અપરિચિત એકાન્તમાં મારી પોતાની જ છબિનો સહવાસ આશ્વાસનરૂપ નીવડ્યો. હું મારી છબિને જોઈ રહ્યો.

મારી આજુબાજુ મારી મા મને અંધારિયા રસોડામાં બાળપણમાં લઈને બેસતી તે વેળાનો ધુમાડિયો અન્ધકાર હતો, મારી આખમાં દિવેલના કોડિયાની ટમટમતી જ્યોતનો થરકાટ હતો, મારા ચહેરા પર વૈશાખના તાપમાં બળબળતા વનનાં વૃક્ષો પરની તપેલી ધૂળની ભૂખર આભા હતી. આથી હું પોતે જ કોઈ માયાવી સૃષ્ટિના પાત્ર જેવો લાગતો હતો.

ત્યાં દર્પણમાં બાજુના ખણ્ડનું બારણું ખૂલતું દેખાયું, હું શ્રીપતરાય આવ્યા માનીને સફાળો ઊભો થવા ગયો પણ દર્પણમાંની મારી છબિ તો એ પહેલાં ક્યારનીય ઊભી થઈને એ ખુલ્લા બારણામાંથી કોણ પ્રવેશે છે તેની રાહ જોઈ રહી હતી; મારી બાજુનું બારણું પૂર્વવત્ બંધ જ હતું. આથી હું બેસી ગયો. પણ હવે મારી છબિ સાથેનાં મારાં સમ્બન્ધનો તંતુ તૂટી ગયો હતો. મારું પ્રતિબિમ્બ હવે મારાથી સ્વતન્ત્ર રીતે વર્તતું થઈ ગયું હતું.

મેં દર્પણ તરફ નજર માંડી. ખુલ્લા બારણામાંથી વીસેક વરસની યુવતીએ પ્રવેશ કર્યો. એ દૂર હતી છતાંય મારું પ્રતિબિમ્બ સંકોચાઈને એક બાજુ ખસી ગયું. છતાં એણે આંખ ઠેરવીને એ યુવતીને જોઈ તો લીધી જ. એ યુવતીમાં કશુંક પતંગિયા જેવું હતું. એના પગ અને હાથ બંનેમાં પતંગિયાની પાંખનો ફફડાટ હતો. એને કારણે ઓરડાની બધી વસ્તુઓ જાણે ફૂલોનો સમૂહ હોય એવી ભ્રાન્તિ થતી હતી. મને લાગ્યું કે બારણું ખોલીને ‘આપ’ કહીને મને સંબોધનાર કદાચ આ જ યુવતી હતી. એના શબ્દોના ઉચ્ચારમાં પણ પતંગિયાની ફૂલની આજુબાજુ ભમ્યા કરતી વેળાની ચંચળતા હતી તે મને યાદ આવ્યું. મારી દૃષ્ટિ એ યુવતી પર જ હતી ત્યાં દર્પણમાંનું મારું પ્રતિબિમ્બ એકાએક વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ અક્કડ થઈ ગયું, ને એ રીતે ઓરડાના અસબાબ પૈકીની એક સામગ્રીના જેવું જ બની ગયું. એના પર પડતો તડકો વાર્નિશના જેવો લાગતો હતો. ત્યાં પેલા બારણામાંથી શ્રીપતરાય દાખલ થયા. મારા પ્રતિબિમ્બની ઉપસ્થિતિની એણે કશી

નોંધ લીધી હોય એમ લાગ્યું નહિ. એઓ ઓરડાના કેન્દ્રમાં મૂકેલી ખુરશી પર બેઠા. એમના બેસવાની સાથે એ ઓરડાની બીજી બધી વસ્તુનાં પરિમાણ સંકોચાઈ ગયાં. મારું પ્રતિબિમ્બ પણ જાણે વામણું બની ગયું. પેલી યુવતી શ્રીપતરાયની આજુબાજુ ઊડાઊડ કર્યા કરતી હતી – સાપની પાસે ઊડતાં પતંગિયાંની જેમ. શ્રીપતરાયને ધારીધારીને જોયા. એમની ચામડી ફિક્કી ધોળી હતી – દેડકો ઊંધો થઈ જાય ત્યારે એના પેટ ઉપર જે ધોળાશ દેખાય છે તેના જેવી. શબ્દો બોલતી વખતે એઓ નજર ઊંચી કરતા નહોતા. એમનાં જડબાંના હલનચલનમાં સાપ દેડકો ગળતો હોય તેનું સૂચન હતું. એમની ડોક રહીરહીને અર્ધવર્તુળ વિસ્તારીને ફરતી હતી. ને ત્યારે આંધળો છછુંદર એનાં લાંબા નાકથી સૂંઘીસૂંઘીને કીડાંમંકોડા શોધતો હોય એવું લાગતું હતું, ને છતાં પેલી યુવતી એમની આજુબાજુ ઊડાઊડ કર્યા કરતી હતી. ત્યાં શ્રીપતરાયની દૃષ્ટિ મારા પ્રતિબિમ્બ પર પડી. પેલી યુવતી એની ચંચળ ગતિએ મારા તરફ આવી. એણે કદાચ મારા પ્રતિબિમ્બને શ્રીપતરાયની નજીક જવાને કહ્યું પણ કશું બને તે પહેલાં શ્રીપતરાયે સામે જોયા વિના હાથ હલાવીને મને ત્યાં જ બેસી રહેવાનું સૂચન કર્યું. આથી અધૌ ઊભો થયેલો હું બેસી ગયો. પછી શ્રીપતરાયનું જડબું જોરથી એકસરખું હાલવા લાગ્યું. એમની સ્ફીત ચિબુક પરનો માંસનો લોચો ઊછળવા લાગ્યો. એકસરખા બોલાયે જતા શબ્દો જાણે કશીક ચીકણી અદૃશ્ય તન્તુજાળ ફેલાવતા ગયા ને ધીમે ધીમે એ જાળ મારા પ્રતિબિમ્બની આજુબાજુ વ્યૂહ રચતી ગઈ. આ વિશે મને કશું ભાન હોય એવું મને લાગ્યું નહિ. વચમાં હું કશોક જવાબ આપવાનો પ્રયત્ન કરતો હતો. પણ એ શબ્દો એમના સુધી પહોંચે તે પહેલાં પેલી ચીકણી લાળમાં ફસડાઈ પડતા હતા. આ દરમિયાન પેલી યુવતી ઊડતી ઊડતી ઓરડાની બહાર સરી ગઈ હતી. પછી શ્રીપતરાય એકદમ સ્થિર થઈ ગયા. એમનાં જડબાં હાલતાં બંધ થયાં. પણ એમાં ગરોળીની જીવડા પર તરાપ મારતા પહેલાંની નિસ્તબ્ધતા હોય એવું મને લાગ્યું. આ કશું ન સમજાવાને કારણે મારું પ્રતિબિમ્બ તો કંઈક હિંમત એકઠી કરીને પોતે કહેવા ધારેલી વાત કહેવાની અણી પર હતું. ત્યાં શ્રીપતરાય એક આંચકા સાથે ઊભા થઈ ગયા. એમની તર્જનિકા મારા તરફ ચીંધીને, જડબાં વધારે પહોળાં કરીને, એઓ કાંઈક બોલ્યે ગયા. મારું પ્રતિબિમ્બ એકદમ સંકોચાઈને ગૂંચળું વળેલી ઈયળના જેવું થઈ ગયું. શ્રીપતરાય આગળ વધ્યા, એમના આગળ વધવાનો ધક્કો જાણે ઓરડાની બધી વસ્તુને લાગ્યો. સામેનું બારણું ખૂલી ગયું. મારું પ્રતિબમ્બ જાણે સો સો નાના નાના પગે દોડતું હોય તેમ બહાર નીકળી

જવા દોડવા લાગ્યું. શ્રીપતરાયનો પગ ગાલીચામાં ભેરવાયો ને એઓ પડી ગયા. પાસેની ટિપાઇ પરની ફૂલદાનીની ધાર એમના કપાળમાં વાગી ને લોહીની ધારા નીકળી. એ લોહીથી ખરડાયેલી એમની નિષ્પલક આંખ બારણા તરફ તાકી રહી…

ત્યાં મોટા ખણ્ડનું બારણું ખૂલ્યું. મેં ખાતરી કરવા દર્પણમાં જોયું. દર્પણમાં હવે કશું નહોતું. મેં આગળ જોયું હતું તે જ રીતે પેલી યુવતી, પતંગિયાના જેવી અસ્થિરતાથી, ઓરડામાં પ્રવેશી. હું સંકોચાઈને સહેજ બાજુએ ખસી ગયો. થોડી વાર રહીને શ્રીપતરાય દાખલ થયા – સાપની જેમ પેટે ચાલતા હોય તેમ, ને હું મોટા ઓરડામાં દાખલ થવાને બદલે બહાર જવાના બારણામાંથી પોર્ચમાં આવ્યો ને કોઈ મને ચાલ્યો જતો જોઈને બોલાવે તે પહેલાં બંગલાનાં કંપાઉન્ડની બહાર નીકળી ગયો.

# કપોલકલ્પિત

ગામનું પાદર વટાવીને તમે થોડાક આગળ વધો એટલે વળાંક આવે. વળાંક આગળ જ ઘટાદાર લીમડો. એની નીચેથી એકદમ પસાર થઈ જવાનું તમને મન નહીં થાય. તમને સહેજ ઊભા રહેવાનું મન થાય. પવનની આછી લહર આવે, ઉપરથી એક પાંદડું ખરે. એ હવામાં સેલારા માર્યા કરે, તમે એને અચરજથી જોયા કરો, એ તમારી પાસે આવે ને પછી તમારી આજુબાજુ ચક્કર ખાવા માંડે. કોઈ કશાક અદૃશ્ય દોરને તમારી ચારે બાજુ વીંટીને બાંધી રહ્યું છે એવું તમને લાગે ને તમે સફાળા ઊભા થઈને ચાલવા માંડો, તમારી પાછળ પવનથી ઊડેલી ધૂળની ડમરી ફેરફુદરડી ફરતી દોડે, કદીક એ છેક તમને ઘેરી વળીને આંખને બંધ કરાવી દે. તમારી આંખ બંધ હોય એ દરમિયાન કોઈનો ઉષ્ણ નિઃશ્વાસ તમારા ગાલને અડી જાય, ક્યાંકથી એક ટીપું ખરીને તમારા કપાળ પર પડે. ત્યાંથી સરીને આંખની ભમરમાં ઝીલાઈ રહે, ને પછી પાંપણ પર સરતાં તમે એના શીતલ સ્પર્શે ધ્રૂજી ઊઠીને આંખો ખોલી દો ને જુઓ તો તમારી પાછળ દૂર દૂર પેલી ધૂળની ડમરી દોડી જતી દેખાય...

... એને કશા નામની અલાબલા નહોતી. કોઈ કહેતું રૂપાળી, તો કોઈ કહેતું લટકાળી; કોઈ કહેતું જાસૂદી, તો કોઈ કહેતું ચમેલી, પણ નામ એને ચોંટીને રહેતું નહીં. ઘણાં નામ નીચે દટાઈ જાય છે. ઘણાં નામનો બુરખો ઓઢીને ચાલે છે, ઘણાં નામની પાછળ રહી જાય છે. એ હંમેશાં નામને વટાવીને ક્યાંની ક્યાં આગળ પહોંચી જતી, એને પોતાનેય પોતાના નામની ખબર નહોતી.

નાનાં બાળકો એને ઘેરી વળીને પૂછે: 'તમે ક્યાંથી આવ્યાં?' તો એ કહે: ' આ ચાંદો

છે ને, એ તો એક મસમોટો કરોળિયો છે. એ રૂપેરી જાળ ગૂંથે છે. એક વાર એની આંખ ઘેરાઈ ગઈ ને રૂપેરી તન્તુ સરી પડ્યો. આકાશમાં ઊડતા હંસે એને ચાંચમાં લઈ લીધો. પછી નદીને કાંઠે નેતરના વનમાં સંતાડીને એને મૂકી ગયો. એ રૂપેરી તન્તુએ તો નાસવા માંડ્યું. પણ નેતરની ઝાડી એમ તે એને કાંઈ જવા દે? એના પગ નેતરમાં ભરાઈ ગયા. એણે છૂટવાને ફાંફાં માર્યાં. એ તો આમ દોડે ને તેમ દોડે, તન્તુ ભેગો તન્તુ ગૂંથાતો જાય, એમ કરતાં જાળ વણાઈ ગઈ. એ જાળમાં ઉષાના હાસ્યનું અમૃત ટપક્યું, મધરાતે બુલબુલનું ગીત ટપક્યું, સૂરજના સોનેરી મુગટનું પીછું એમાં ખર્યું. પવનની પામરી એમાં ભેરવાઈ ગઈ, રાજકુંવરીની રાહ જોતી રૂપરૂપના અમ્બાર જેવી સોનેરી વાળવાળી કુંવરીની આંખમાંનું આંસુ એમાં ટપક્યું. આ બધાં ભેગાં થયાં ત્યાં એક સાપ આવ્યો. સાપ ભયંકર ફૂંફાડા મારે ને ઝેર ટપકે: એનું બળબળતું ઝેર એમાં પણ ટપક્યું, એની આંચે એ બધાંમાંથી મારો દેહ ઘડાયો. બળતરાથી તડફડતી હું નદીમાં પડી. એવી તો શરીરે ઠંડક વળી ગઈ કે મને એનું ઘેન ચઢ્યું, ને હું તો તણાતી ચાલી, દૂર ને દૂર. પછી એકાએક કશુંક ચારે બાજુથી મને વીંટળાઈ વળ્યું. સફાળી જાગીને જોયું તો હું માછીમારની જાળમાં ફસાઈ ગયેલી. ખેંચાઈને હું બહાર આવી. હું હસી ને ઉષાનું અમૃત ટપક્યું. હું બોલી ને બુલબુલનો સૂર ઝર્યો, મેં આંખ ઊંચી કરીને જોયું ને સૂરજના મુગટનું સોનેરી પીછું ઊડવા લાગ્યું, મેં પગલું ભર્યું ને પવનની પામરી લહેરાઈ ઊઠી, માછીમાર મને અડકવા આવ્યો ને પેલા સાપના ઝેરના બળબળતા ફૂંફાડાથી એ દાઝ્યો. પછી તો એ બીકનો માર્યો દોડવા લાગ્યો. હું એની પાછળ દોડી ને પેલી રાજકુંવરીના શીતલ આંસુથી એનો દાહ શમાવ્યો, એણે મને ખભે બેસાડી ને હું એને ઘરે પહોંચી...'

રોજ સૂરજ ઊગે ને એની આંખમાં નવી ચમક મૂકી જાય; હિમાલયની ગોદમાંથી આવતો પવન કેવડા અને પારિજાતનાં વનમાં આળોટીને એના શ્વાસમાં સુગન્ધ સીંચી જાય; રાતનો ચન્દ્ર એની આંખમાં અમૃત ટપકાવે; તો અમાસનો અન્ધકાર એની આંખમાં કારમું આંજણ આંજે; સૃષ્ટિભરનાં દુ:ખિયાંનાં આંસુ એના હૈયામાં ઘુંટાઈને મોતી બને, હસતાં શિશુઓ એના ગાલમાં ગુલાબ ખિલાવે, ને નાસતું ફરતું પાપ એનામાં રહેલા ઝેરની આડશે સંતાઈ રહેવા આવે. એને એ પેલી રાજકુવરીનાં આંસુમાં ધોઈને સૂરજના સોનેરી પીછામાં પોઢાડી દે.

એ જ્યાં જાય ત્યાં અમૃત ઝરપે ને ઝેરેય ટપકે. ગામના જુવાનો એને જુએ એટલે આંખમાં અમૃત અંજાઈ જાય, પણ તરત જ હૃદયને ઝેરી શૂળ વીંધી જાય. એની મોટી મોટી શાન્ત આંખોમાં તમે મીટ માંડો તો એમ લાગે કે કોઈ ઊંડા સાગરને તળિયે તમે નાના કાંકરાની જેમ પડ્યા છો ને ચન્દ્રનું કિરણ તમને શોધતું દોડ્યું આવે છે. એ તમારી નજીક અન્યમનસ્ક બનીને ઊભી હોય ને એનો ઉચ્છ્વાસ તમને ઓચિંતાનો સ્પર્શી જાય તો જન્મોજન્મથી થીજીને ઢબૂરાઈ ગયેલી કાંઈ કેટલીય પરીઓ તમારા હૃદયમાં જાગી ઊઠે ને રૂમઝૂમ કરતી શિરાએ શિરાએ નાચી ઊઠે. એ તમારી પાસેથી જાય ને એનો ઊડતો પાલવ તમને સહેજ સરખો અડી જાય તો એના સ્પર્શે તમારાં સાતેય આવરણ સરી પડે. નીલ આકાશનું ઢાંકણ સુધ્ધાં એને ઠેલે ખૂલી જાય ને પછી એમાંથી અગ્નિરસ છલકાઈને વહ્યે જ જાય. પણ એની આંખના પેલા કારમા કામણની તીણી અણી જો તમને અડી જાય, એના ઉત્તપ્ત નિ:શ્વાસની ઝાળ જો તમને લાગી જાય તો તમારાં બધાં ખાણ્ડવ વનમાં દવ લાગે, લાક્ષાગૃહ ઓગળવા માંડે, ને જો તમે જીવ બચાવીને નાસી નહીં છૂટો તો તમારી ભસ્મનો મૃત્યુંજયને કપાળે લેપ થઈ જાય.

ફૂલની પાંખડી ઝાકળનાં બિન્દુને રમાડે તેમ ઘડીક એ તમને રમાડે. તો ઘડીક પાણીમાં નીચે ને નીચે ઊતરતા જતા પારાની જેમ એ તમારા હૃદયમાં ઊતરીને એક પછી એક પાતાળ કોતરતી જ જાય, શૂન્યમાં શૂન્ય ઉમેરતી જ જાય. એના કટાક્ષના કાળા રેશમી દોર ભેગો એના સ્મિતનો સુવર્ણતન્તુ વણાઈને તમારા નામની ભાત કદીક ઉપસાવી દે તો કદીક એની લટના વાંકડિયા વાળને અમળાઈને તમારા જુગના જુગ રહેંસાઈ જાય. એનું હોવું એટલું સભર કે તમારે માથે ચૌદ ભવનનો ભાર ચંપાઈ જાય; એનું ન હોવું એટલું ઊંડું કે એમાં તમે નીચે ને નીચે સર્યે જ જાઓ ને આખરે કોઈ સૂર્ય દયા લાવીને તમારી બાષ્પને ઉપર ખેંચી આણે, કોઈકની પાંપણને આરે સહેજ આશ્રય મળે ને આંસુ બનીને સરી જવાનું બની શકે ત્યારે જ તમારો મોક્ષ થાય.

ગામના જુવાનો ધીંગાણે ચઢ્યા, વૃદ્ધો જીર્ણ ત્વચાની કાંચળી ઉતારી નાખવા મથવા લાગ્યા, કન્યાઓ ઈર્ષ્યાની વાટ સંકોરીને જાગરણ કરવા લાગી, ડાકણો તાજા જન્મેલા બાળકની ખોપરીના ખરલમાં ઘુવડનો નખ, સાપની મૂછનો વાળ ને થોરના કાંટાને ઘૂંટવા લાગી.

સોળમી વસન્તના પ્રભાતે દક્ષિણના પવને એના હોઠ ચૂમીને કાનમાં કહ્યું, 'ભાગી જા.' ફાગણની પૂનમના આથમતા ચન્દ્રે જતાં જતાં નીચા વળીને ઝૂકીને કહ્યું, 'ભાગ અહીંથી.' પુષ્પે પુષ્પેથી એકઠી થઈને સૌરભે કહ્યું, 'ચાલ, ઊડી જઈએ.' વૈશાખના વંટોળે કહ્યું, 'ચાલ દોડ્યા જઈએ.' ચારે બાજુથી એણે સાંભળ્યું: 'ચાલ, ચાલ, ભાગ, ભાગ, ભાગ!'

ખરતી પાંખડીની આડશે એ ચાલી નીકળી. જતાં જતાં એ બોલી: 'વનરા તે વનના રાજા, મારું અમૃત સાચવશો?' તો વનનાં બધાં ઝાડ એકસાથે ધૂણીને બોલી ઊઠ્યાં. 'ના રે ના, ના રે ના, એ અમૃતના લોભનો માર્યો દાવાનળ આવશે તો અમને બાળી નાખશે.' એણે આકાશમાં ઊગેલા ચન્દ્રને કહ્યું: 'ચાંદામામા. આટલું અમૃત સાચવશો?' ચાંદા મામા કહે: 'ના રે બેન, રાહુ ક્યાંક ટાંપીને જ બેઠો છે. હવે તો એ મને આખો ને આખો જ ગળી જશે.' એણે નદીને કહ્યું: 'મૈયા, તમારાં આટલાં પાણીમાં અમૃતને સંતાડી રાખશો?' નદી કહે, ' ના રે બેટા, અમે તો સાગરમાં જઈએ, ને ત્યાં વડવાનળ તો તરસ્યો બેઠો જ છે!' એ તો બિચારી ફરીફરીને થાકી, પૂછીપૂછીને થાકી, પણ કોઈએ એને હા ન પાડી. અમૃત કોઈ ન સાચવે તો ઝેર તો વળી કોણ સાચવે? જૂઠાની જીભને પૂછ્યું, કપટીના દિલને પૂછ્યું, ડાકણનાં નેણને પૂછ્યું. સૌ કહે: 'ના, ના. એટલાક તે ઝેરમાં શું લેવું! તારે થોડું જોઈએ છે, લે, લેતી જા.' એ તો બિચારી ભાગી. એની આંખમાં આંસુ આવ્યું. આંગળીને ટેરવે એને ઝીલીને એ બોલી: 'આને તો કોઈ લ્યો.' આતતાયીની આંખને પૂછ્યું, નિષ્ઠુરના હૈયાને પૂછ્યું, દિવસરાત ચૂંચવાતા યંત્રના ચક્રને પૂછ્યું. સૌ કહે: 'ના, ના, ના. હવે આંસુને બાળવાની અમને ફુરસદ નથી. અમનેય શ્વાસ ખાવા દેવો છે કે નહીં?' તેજનું પીછું લઈને એણે આંધળાને કહ્યું: 'લાવ તારી આંખ, હું તને આ પીછું અડાડું. તારી આંખમાં તેજ પ્રકટશે.' આંધળો કહે: 'જેમાં હજાર સૂરજ ડૂબ્યા તેમાં આ ટકવાનું હતું? ભાગ અહીંથી.' હવે રહી પવનની પામરી. અવાવરુ વાવના લીલ ઢાંક્યા જળને ઢંઢોળીને પૂછ્યું: 'પવનની આ પામરીને તમારી નીચે સંતાડી રાખો ને!' તો માથું ધુણાવીને એ કહે: 'મારે તળિયે રહેતા અન્ધકારે ઓગણપચાસ વાયુને કેદમાં પૂર્યા છે. એ જો જાગશે ને તો તારી ખેર નહીં રહે. ભાગ અહીંથી.' શહેરની અંધારી ગલીઓનાં ભોંયરા જેવા ઘરમાં જઈને ત્યાંની આંધળી દુર્ગન્ધને પૂછ્યું: 'બહેન, આ પામરી લેશે? એની ઝાપટથી તારી અલાબલા બધી નાસી જશે.' એણેય માથું વીંઝીને કહ્યું: 'અલાબલા

ભગાડનારી જોઈ નહીં હોય તો, ભાગ અહીંથી. મારું કફન ઓઢીને અહીં જે પોઢ્યાં છે તેની નિંદરને તારે અભડાવવી છે?' એ તો બિચારી હેબતાઈને ભાગવા જ લાગી, વનનાં વન વીંધીને ભાગી, સાગર કુદાવીને ભાગી, એનો પડછાયો સુધ્ધાં એની સાથે રહ્યો નહીં.

એને મનમાં થાય કે કોઈ હૈયું ખોલે તો એમાં ઘડીક આશ્રય લઉં. પણ બધાં હૈયે તાળાં, ને ચાવી તો ઠેઠ સાતમા પાતાળને તળિયે! એને થયું કે કોઈ આંખ ખોલે તો કીકીમાં ઘડીક બેસું, પણ બધી આંખો તો સાવ સૂની, ખેદાનમેદાન થઈ ગયેલી યુદ્ધભૂમિના જેવી! એનો સૂનકાર તો ખાવા ધાય, બે પાંપણ સુધ્ધાં ભેગી ન થાય ત્યાં કોનો સંગાથ?

આમ, એ તો વળી ઊઠીને ભાગી. માણસના બે શ્વાસ વચ્ચે, હૃદયના બે ધબકારની વચ્ચે, એણે તસુભર જગ્યા શોધી, એ જગ્યાય ખાલી નહોતી. મરણનો પડછાયો ત્યાં ક્યારનોય સંતાઈને બેઠો હતો. હવે? અસ્થિની મજ્જામાં ડોકિયું કરીને જોયું તો ત્યાં કોઈ બેઠું બેઠું કોતરતું હતું. ત્યાંથીય એ તો ભાગી. ત્યાં એને પોતાની આગળ કોઈક દોડતું હોય એમ લાગ્યું. એણે પાછળથી પણ કોઈકના દોડવાનો અવાજ સાંભળ્યો. પૃથ્વી ભાગતી હતી, સૂરજ ભાગતો હતો, સચરાચરમાં કશાક ભયના માર્યા ભાગાભાગ થઈ રહી હતી. ગામને પાદરે આવતા રસ્તાના વળાંકે વળાંકે, નદીએ નદીએ, કાંઠાના નેતરનાં વને વને, નગરે નગરે અડાબીડ વસતિની વચ્ચેના શૂન્ય રિક્ત અવકાશમાં થઈને, નિયોન લાઇટના ઝબકારની છાલકથી બચીને, માછલીનાં ફેંકી દીધેલાં ભીંગડાને ચાવતી બિલાડીના દાંત વચ્ચે થઈને, પોતાનું નામ ચીતરતી સરમુખત્યારની કલમની ટાંકની તરડમાં થઈને, જુગજુગના ઘારણના ભારથી દબાયેલી ભગવાનની આંખની નીચેથી કોઈ હંમેશાં ભાગ્યે જાય છે, ભાગ્યે જ જાય છે. ઘડિયાળના ચંદા પર કાળ કૂંડાળું વળીને બેઠો બેઠો એને એના બે કાંટાની સાણસા-પકડ વચ્ચે ઝાલવાને ટાંપીને બેઠો છે. એની વચ્ચે થઈને એ ભાગ્યે જ જાય છે. એના ભાગવાના વેગની ઝાપટથી એ સૌ સૂતેલાને જગાડે છે. જગાડીને ભગાડે છે. એની પાછળ રહી ગયેલો એનો એકલોઅટૂલો પડછાયો ઝૂર્યા કરે છે. ઘણી વાર આપણો શ્વાસ એનાં હીબકાંથી ધ્રૂજી ઊઠે છે.

# રાક્ષસ

મારી પથારી પાસેની, છજામાં પડતી, બારી પર એક કાંકરો આવીને અથડાયો, તરત જ બીજો કાંકરો આવીને અથડાયો. હું સફાળો બેઠો થઈ ગયો. આજુબાજુ સૂતેલું કોઈ જાગી નહિ જાય એમ, ચોરપગલે, નીચે ઊતર્યો. ઓસરીમાં ઝીણું કરીને રાખેલું ફાનસ હોલવી નાખ્યું. વદ ચોથનો ચન્દ્ર ઊગવાનો આભાસ જ હજી પૂર્વમાં હતો, એના ધૂંધળા અસ્તરમાં બધું લપેટાઈ ગયું હતું. મેં આજુબાજુ નજર કરી, કોઈ દેખાયું નહીં. હું સહેજમાં ઊભો રહી ગયો. ઊભા રહેતાંની સાથે જ મને અકળ રીતે સમજાઈ ગયું કે બાજુમાં રહ્યું રહ્યું કોઈ મારી રજેરજ હિલચાલ પર નજર રાખી રહ્યું છે. મેં દોડવા માંડ્યું. થોડે છેટે ધૂંધળા આભાસમાં કોઈનો આકાર સરી જતો દેખાયો. સંકેત મુજબ મેં સીટી વગાડી. સામેથી તરત જ સીટીનો અવાજ સંભળાયો. થોડેક છેટેના ઘટાદાર લીમડાના પડછાયામાં એ આકાર અદૃશ્ય થઈ ગયો. હું સહેજ મૂંઝાઈને ઊભો રહી જવા જતો હતો ત્યાં ફરી સીટી વાગી. હું દોડીને લીમડા પાસે પહોંચ્યો. એના પડછાયામાંથી પેલા આકારે કરેલા તર્જનીસંકેતને હું અનુસર્યો. પાસે જઈને હું કશુંક બોલવા જતો હતો ત્યાં એણે તરત હોઠ પર આંગળી ધરીને મને ચૂપ કરી દીધો. કશું બોલ્યા વિના પૂર્વ તરફ આંગળી ચીંધી. ચન્દ્ર ઊગતો હતો. એના અજવાળામાં મેં એને જોઈ. નજર ઠેરવીને જોઈ રહું તે પહેલાં એ હાથ ખેંચીને મને દોડાવી લઈ ગઈ. આજુબાજુનાં ઝાડ વચ્ચે ઢંકાયેલી એક નાની દહેરી આગળ આવીને અમે ઊભાં. એણે અણસારાથી મને ઘૂંટણિયે પડવાનું સૂચવ્યું, પછી એ વાંકી વળી. એનું મોઢું મારા માથા પર હતું. એનો ઉષ્ણ ઉચ્છ્વાસ મને સ્પર્શી જતો હતો. એ હોઠ ફફડાવીને કશુંક અસ્પષ્ટ ગણગણી. પછી મારા ગળામાં કશુંક બાંધી દીધું, હું કશુંક પૂછું તે પહેલાં જ એ બોલી. આંખ બંધ કરીને સાત વાર

ગોળ ગોળ ફર, હું કહું ત્યારે જ આંખ ખોલજે. મેં એના કહ્યા મુજબ કર્યું. મારો હાથ પકડીને એ દોડવા લાગી. મેં પણ બંધ આંખે દોડવા માંડ્યું. થોડેક ગયા પછી એણે કહ્યું: હવે આંખ ખોલી દે. મેં આંખો ખોલી. હવે ચન્દ્ર ઝાડના માથા પર પૂરેપૂરો આવી ગયો હતો. મેં એને જોઈ. આજે એને યાદ કરવા મથું છું ત્યારે એ ચહેરો પૂરો દેખાતો નથી. માત્ર થોડું થોડું યાદ આવે છે. એના આગલા બે દાંત પડી ગયા હતા. એના કાનમાંનાં એરિંગ ચમકતાં હતાં, ને એનું કપાળ અસ્તવ્યસ્ત વાળથી ઢંકાઈ ગયું હતું. એમાંથી એની બે તરવરાટભરી આંખોનો ચમકારો દેખાતો હતો. એ મને કહેતી: ‘તેં જૂઈની ઘણી કાચી કળીઓ એક વાર તોડી નાખી હતી તેથી જૂઈ પરીનો તને શાપ છે. તને કશું પૂરું યાદ નહીં રહે. તું જે યાદ કરશે તેમાં કંઈક ને કંઈક ખૂટતું હશે.’ જૂઈ પરીના આ શાપને શી રીતે પાછો ખેંચાવવો તે વિશે અમે બન્નેએ કાંઈ ઓછી મથામણ નથી કરી, પણ શાપ તે શાપ.

એ બોલી: ‘તારા ગળામાં મેં તાવીજ બાંધી દીધું છે એટલે હવે તને કશું નહીં થાય. એ તાવીજ મને ખાસ ભોળા ભૂવાએ આપ્યું છે. એમાં શું શું છે તે જાણે છે? ઘુવડની આંખની ભસ્મ, વાઘની મૂછનો વાળ, સાત આમલીના ઝુંડવાળા રાક્ષસનો દાંત,’ – આવી કાંઈ કેટલીય વસ્તુ એ ગણાવી ગઈ. આજે એમાંની બધી મને યાદ પણ નથી. સાચું રક્ષાકવચ તો એના હાથનો સ્પર્શ જ હતો. એ કહેવાની ભાષા એ વયે મને આવડતી નહોતી તેથી કાંઈ એ ઓછું સાચું નહોતું.

એણે મારો કાન આમળીને કહ્યું: ‘ બાઘા જેવો મારી સામે તાકી શું રહ્યો છે? ચાલ, ભોળા ભૂવાને મળવા જવું છે ને?’

મારે ‘હા, ના’ કરવાનો કશો સવાલ નહોતો. વરસાદ પડી ગયો હોવાથી નાળાં ભરાઈ ગયાં હતાં. એનાં પાણીને પગથી ડખોળતાં અમે દોડ્યે જતાં હતાં. એક જગ્યાએ પાણી સહેજ ઊંડું હતું. ઉપર લાકડાં મૂક્યાં હતાં, પણ તે લપસણાં થઈ ગયાં હતાં. એ તો ઝટ લઈને લાકડાં પર થઈને સામે દોડી ગઈ. હું એનો હાથ છૂટી જતાં સહેજ ખંચકાઈને ઊભો રહી ગયો. એણે હાથ હલાવીને અધીરાઈથી કહ્યું: દોડ્યે આવ. પણ મારા દ્વિધાગ્રસ્ત પગ લપસ્યા. હું પડ્યો. ચારે બાજુથી જાણે કોઈ હિમ જેવા ઠંડા હાથની ચૂડમાં હું ભીંસાયો. બે હાથે ઉપરના લાકડાને વળગી રહ્યો. એ સામેથી દોડી આવી, ને

મને બહાર ખેંચી કાઢ્યો. મારો શ્વાસ હેઠે બેઠા પછી એ બોલી: 'આ મંછી ડાકણનો ધરો, નીચે મંછી મોઢું પહોળું કરીને ટાંપીને જ બેઠી હોય છે. એ તો આ તાવીજને લીધે તું બચી ગયો, નહીં તો–'

કલ્પનામાં મારું મન 'નહીં તો'ને સામે કાંઠે જઈને થથરી ઊઠ્યું. હજુ આજેય એ દ્વિધા, એ મંછી ડાકણ, મોઢું પહોળું કરીને ટાંપીને બેસી રહેલી દેખાય છે, ત્યારે સંકલ્પના ઊતરી જતા બળને આ સ્મૃતિથી જ દૃઢ બનાવું છું.

એની આંખો જ જાણે પગમાં હતી. એક ક્ષણની પણ અનિશ્ચિતતા વિના એ મને દોરી જતી હતી. ઘડીમાં એ એની કાયાને સંકેલીને નાના દડા જેવી બનાવીને ઢાળ પરથી દડી જતી તો ઘડીમાં ઊડપંખ સાપની જેમ એ કૂદતી કૂદતી આગળ વધતી. શરીરમાં જાણે એક્કેય હાડકું ન હોય તેમ એ પાણીના રેલાની જેમ પ્રવાહી બનીને સરી જતી ત્યારે મારાં બરડ હાડકાં મને હેરાન હેરાન કરી નાખતાં. દોડે ત્યારે રેશમના દડાની જેમ ઊખળી જાય, એનો પડછાયો પાછળ હાંફતો સંભળાય, ઝાડની ડાળીઓની ભુલભુલામણીમાંથી એ સાપની જેમ સરી જાય, તરાપ મારતા ચિત્તાની સાવધાની ને ચપળતા ને સાથે પતંગિયાની નાજુકાઈ, ગામને સીમાડે અડીને રહેલા વનને એ રજેરજ જાણતી. વૃક્ષના ઝુંડેઝુંડ રાક્ષસ. પવન ફુંકાય, પાંદડાં ખખડે ને સંભળાય. માણસ ગંધાય, માણસ ખાઉં. દરેક રાક્ષસનાં એણે નામ પાડેલાં; કોઈનું બુચિયો, તો કોઈનું નામ સુરણિયો. એ કહેતી, ઝાડને ઝુંડેઝુંડે રાક્ષસ. પણ ફૂલની પાંખડીએ પાંખડીએ પરી. પરી પણ બે જાતની. હસતી પરી ને રોતી પરી. સવાર થતાં આંખ ખોલતી વેળાએ ખૂબ કાળજી રાખવી પડે. આંખ ખોલતાંની સાથે જો રોતી પરી આંખમાં પેસી જાય તો આખો દિવસ રડવું પડે. હસતી પરી એનું હાસ્ય આપણી આંખમાં આંજી દે પછી કોઈ રાક્ષસની મગદૂર નહીં કે આપણી સામે આંખ માંડીને જુએ. અમે વનમાં ભટકીને આવા તો કેટલાય રાક્ષસોને જેર કર્યા હતા. છતાં કોઈ વાર એ ઉદાસ થઈને વિચારે ચઢી જતી ને કહેતી: 'દુનિયામાં રાક્ષસ વધતા જ જાય છે. માણસના હાથે માણસના લોહીનું ટીપું પડે એટલે એક ટીપામાંથી સો રાક્ષસ ઊભા થાય. બોલ શું કરીશું? હજી તો આપણે આ એક વનનાય રાક્ષસને પૂરા જેર કર્યા નથી.'

એક ઝરણાને કાંઠે એણે મને ઊભો રાખ્યો ને કહ્યું. ' અહીં જ ઊભો રહેજે. રૂપરૂપના

અમ્બાર જેવી રૂમઝૂમ કરતી કોઈ રાજકુંવરી તારો હાથ ઝાલવા આવે તો મોઢું ફેરવીને ઊભો રહી જજે. હું હમણાં આવું છું.' આમ કહીને એ તો એક ઝબકારામાં અદૃશ્ય થઈ ગઈ. ઝરણું ખળખળ વહેતું હતું, ઉપર ચાંદની વરસતી હતી. ખળખળ અવાજ રૂમઝૂમ સંભળાવા લાગ્યો ને પાણી પર ચમકતી ચાંદનીમાં રેશમી વસ્ત્રની સળ દેખાવા લાગી. હું ફફડી ઊઠ્યો, મોઢું ફેરવીને આંખ બંધ કરીને ઊભો રહી ગયો. દૂર ઘૂક્ ઘૂક્ કરીને કોઈ ઘુવડ બોલવા લાગ્યું. એ અવાજ પાસે ને પાસે આવતો ગયો. તમરાં એકસરખાં બોલવા લાગ્યાં. પહેલાં નહીં સાંભળેલા કાંઈ કેટલાય તરેહતરેહના અવાજ સંભળાવા લાગ્યા. ત્યાં એ સૌ અવાજોને દૂર હડસેલીને એની સીટી બજી ઊઠી. હું ક્ષણનો પણ વિચાર કર્યા વિના એ સીટીની દિશામાં દોડ્યો. એ સામેથી દોડતી આવતી જ હતી. એના હાથમાં એક પાકું સીતાફળ હતું. એના એણે બે ભાગ કર્યા. અંદરની ધોળી પેશીઓ ચાંદનીમાં ચમકી રહી. હું એને મોઢામાં મૂકવા જતો હતો ત્યાં એ બોલી ઊઠી. 'આ ધોળી પેશીઓ શેમાંથી બનેલી છે તે જાણે છે? આપણા ગામની માલી ડાકણના બે દાંતનું ખાતર નાખીને મેં મારે હાથે આ સીતાફળી ઉછેરી છે. એટલે જ તો એ ડાકણના દાંત જેવી મોટી મોટી પેશીઓ થઈ છે.' હું ખાતો અટકી ગયો તે જોઈને એણે કહ્યું. 'અરે બીકણ, આ કંઈ ડાકણના દાંત નથી. એમાંથી તો આ ફળ થયું.' પછી એ હસીને બેવડ વળી ગઈ.

વળી અમારી દોડાદોડ શરૂ થઈ. ઘુવડના અવાજથી મારા શરીરમાં એક કમ્પ દોડી ગયો તે એ તરત જ સ્પર્શથી વરતી ગઈ. એણે કહ્યું: 'પંખીનો બોલ પારખતાં આવડવું જોઈએ. જો કાન દઈને એક ચિત્તે બધું સાંભળીએ તો બધું સમજાય. આ ઘુવડ શું કહે છે તે જાણે છે? એ આપણને પૂછે છે: 'ક્યાં જાવ છો'લ્યા? ક્યાં જાવ છો'લ્યા.' જોજે હં, હું હમણાં એને જવાબ આપું છું.' ને એ સહેજ ફેરફાર કરીને 'ઘૂક–ઘૂઉક્ ઘૂઉઉક્ ઘૂક્ ઘૂક્' બોલી. પછી થોડી વારમાં જ ઘુવડનો ઊડી જવાનો અવાજ સંભળાયો. એટલે એ હસીને બોલી: 'જોયું ને? મેં એને કહ્યું: ભાગ અહીંથી, ભાગ અહીંથી.' ને વળી એ હસી પડી. મેં એને સહેજ ચગાવવા પૂછ્યું: 'આ તમરાં સાથે વાત કરતાં આવડે છે?' એટલે એ એકદમ ગમ્ભીર થઈ ગઈ ને બોલી: 'જાણે છે, એ શેનો અવાજ છે? અન્ધકારના તન્તુ સાથે તન્તુને ગૂંથવાનો એ અવાજ છે. પ્રલય વખતે સૃષ્ટિને ઢાંકી દેવાનું વસ્ત્ર રોજ રાતે એઓ વણ્યે જ જાય છે. જે માણસનું મરણ થવાનું હોય તેની નાડીમાં એનો અવાજ સંભળાય.' હું તો એનો જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ જઈને મારી નાડીના ધબકારા

સાંભળવા લાગ્યો. એ તરત જ આ વરતી ગઈ ને મારો કાન આમળીને બોલી: 'હત્ રે ગાંડા, તું તો સાવ બાઘો જ નીકળ્યો.' ને વળી એમ દોટ મૂકીને આવ્યાં સીધા ભોળા ભૂવાની ઝૂંપડીએ. ઝૂંપડી પાસે આવતાં જ તાપણીના લાલ ભડકા દેખાયા. એણે મને એકદમ સાવધ કરી દીધો: 'ચૂપ, એ કાંઈ ભોગ આપતો લાગે છે.' અમે દૂર રહીને જોયું ઘુમાતા અડાયામાં બે બળતા અંગારા ચોઢી દીધા હોય તેવી ભૂવાની બે તગતગતી આંખો એના કાળા મોઢા પર તગતગી રહી હતી. એ કાંઈ બબડતો હતો. એના હાથમાં તરતનો કાપેલો મરઘો હતો. એનું લોહી નીચે ટપકી રહ્યું હતું.

ત્યાંથી અમે ભાગ્યા. હવે મધરાત થવા આવી હતી. એક જાંબુડા નીચે અમે સહેજ થાક ખાવા બેઠાં. પછી એ ઊઠી. એણે મારી સામે થોડી વાર સુધી આંખો માંડીને જોયા કર્યું. પછી એ બોલી: 'આજે હું તને એવું કંઈક બતાવવાની છું જે તું જિંદગીભર નહીં ભૂલી શકે.' એથી વધુ ખુલાસો એણે કર્યો નહીં, ને એણે મારો હાથ ઝાલીને મને ખેંચ્યો, અમે ફરી દોટ મૂકી.

નાળાનાં વહેતાં જળ ને ચાંદની ભેગો અમારો પડછાયો ગૂંથતા ઝૂલતાં ઘાસની ઝાકળમાળના મોતીને ખેરવતાં અમે દોડ્યે ગયાં. પોતાની ધરી પર ઘૂમતી પૃથ્વીના ચરણના લય સાથે સંધાઈને અમે દોડ્યે જ ગયાં. અમારા ઉષ્ણ ઉચ્છ્વાસની જ જાણે કે પામરી ઓઢીને અમે દોડ્યે જ ગયાં. ઘણું બધું પાછળ રહી ગયું. વર્ષે વર્ષે વહી જતાં જળ નદીને જીર્ણ નથી કરતાં તેમ વહી ગયેલાં વર્ષોથી જીર્ણ થયા વિના પ્રવાહની જેમ અમે રેલાઈ ગયાં. કોઈક દરમાંથી બીધેલાં સસલાં નાઠાં, ક્યાંક રાતવાસો કરતા પંખીની નીંદરનાં સ્થિર જળ અમારા પડછાયાથી સળકી ઊઠ્યાં ને એની પાંખ ફફડી. પગ પડવાથી દબાઈ ગયેલું ઘાસ પગ ખસવાની સાથે તરત જ કુતૂહલથી ડોક ઊંચી કરીને અમને જોઈ રહ્યું, કળીઓનાં સમણાંને અમારી ઠોકર વાગી ને હસતી પરીઓએ અમારી આંખો એમના સ્મિતથી આંજી દીધી. ત્યાં એકાએક એ થંભી ગઈ. એ મને ખેંચીને બે ડગલાં પાછળ હઠી ગઈ. મેં સામે જોયું. લીલના પ્રલેપથી અરેબિયન નાઇટ્સના કોઈ જીન જેવું લાગતું ખંડિયેર સામે ઊભું હતું. બે તૂટેલી ભીંતો વચ્ચે કરોળિયાનાં જાળાં હતાં. એ જાળાંમાં પાણીનાં ઝીલાયેલાં ટીપાં ચમકતાં હતાં. એ તરફ આંગળી ચીંધીને એ બોલી: 'જોઈ પેલી આંખો? જાળાના પડદા પાછળ રહીને એ આમ જ સદા મીટ માંડીને જોયા

કરે છે. એ કોઈની રાહ જુએ છે. પણ જેની રાહ જુએ છે તે કદી આવતું જ નથી, આ રસ્તે મધરાતને વખતે સહેજ સરખો પગરવ થાય કે તરત જ એ આંખો ચમકી ઊઠે છે.' હું અવાક્ બનીને જોઈ જ રહ્યો. ત્યાં એણે મારો હાથ ખેંચ્યો ને પૂર્વ તરફ મને દોર્યો. ઝાડની ડાળીઓ વચ્ચેથી ચળાઈને આવતાં ચાંદરણામાં કશુંક લીલું લીલું ચમકી ઊઠ્યું. એ શું હશે તેનો હજી તો હું વિચાર જ કરતો હતો ત્યાં એણે નીચેથી એક કાંકરો લીધો, પેલી બન્ને આંખોને અડાડ્યો, પછી એને હોઠ આગળ રાખીને કશુંક અસ્પષ્ટ બોલીને ફૂંક મારીને કાંકરાને દૂર ફેંક્યો. કાંકરો પડતાંની સાથે, પેલો લીલો વિસ્તાર આખો જાણે કંપી ઊઠ્યો, તરંગો વિસ્તરવા લાગ્યાં. આ હું જોઈ રહ્યો હતો, ત્યાં જ એણે છેક મારા કાન પાસે મોઢું લાવીને સાવ ધીમા અવાજે કહ્યું:

'હવે ખરું જોવાનું છે. હવે આ તળાવડીની શેવાળની અંદર પુરાઈ રહેતી સૃષ્ટિ જાગશે. કાંઈ કેટલાંય વરસો પહેલાંની વાત. લાખો વણજારો હીરામોતીની પોઠ લઈને જતો હતો. અહીં સામે રાજાનો મહેલ. લાખા વણજારાની સાથે એનો દીકરો ને એના દીકરાની જુવાનજોધ વહુ. બંને તરતનાં જ પરણેલાં. જુગતે જોડી. રાજાની નજર બગડી. તરકટ રચ્યું. વણજારાને માનભેર ઉતારો આપ્યો. આગતાસ્વાગતા કરી, નાચગાન થયા, રંગરાગ ચાલ્યા. દિવસ પછી દિવસ વીતે. વણજારો રોજ કહે; 'હવે આજ્ઞા આપો, અમે પોઠ ઉઠાવીએ.' રાજા કહે: 'શી ઉતાવળ છે?' એક દિવસ વણજારો રાતે ઊંઘ ન આવવાથી પથારીમાં પાસાં ઘસતો પડ્યો'તો. ત્યાં કોઈકનો પદરવ એણે સાંભળ્યો. એ થોડી વાર તો એમ ને એમ પડ્યો રહ્યો. પછી એ પદરવની દિશામાં ચોરપગલે આગળ વધ્યો. બહાર જઈને જુએ તો ચારે બાજુ પહેરો, છટકવાની બારી નથી. નીચે બે ઘોડા તૈયાર ઊભા છે. રાજા વણજારાના દીકરાવહુના ઓરડા તરફ આગળ વધતો હતો. ત્યાં વણજારાએ પોતાના ફેંટાનો આંટો વાળીને રાજાને ભોંય ભેગો કરી દીધો, ને એને કળ વળે તે પહેલાં દીકરાવહુને ઉઠાડીને રાણીઓને નાહવા માટેની વાવમાં જવાને છૂપે રસ્તે લઈ ગયો. હીરામોતીથી અંગેઅંગ મઢી દીધાં, ને પછી જાતે એક પછી એક પગથિયે દોરીને ઉતારતો ગયો. આખરે બંને પાણીમાં ગરકાવ થઈ ગયાં ત્યારે પાછો વળ્યો. રાજાએ એને કેદ પકડ્યો. વણજારાના દીકરાવહુની બહુ શોધ ચાલી, પણ હીરામોતીના ભારથી એવા તો નીચે બેસી ગયેલાં કે ઉપર આવ્યાં જ નહીં. રાજાનીય પડતી આવી, મહેલ ખંડિયેર થઈ ગયો, પણ એનું ભૂત બેઠું બેઠું હજી રાહ જોયા જ

કરે છે, એની આંખો હજી તગતગ્યા જ કરે છે. એના વાળ ઊડીને મારે ગાલે અડ્યા, એને સરખા કરતાં એ બોલી: 'જો પણે, પેલા હિંડોળે બેસીને કેવાં ઝૂલે છે. ગળામાં સાત સેરનો મોતીનો હાર છે, ને આરસમાંથી કોતરી હોય એવી. પેલી દેખાય છે ને તે વણજારાની વહુ. ધોળો રેશમી સાફો ને અંદર શાહમૃગનું પીંછું ખોસીને પાન ચાવતો ચાવતો સાથે ઝૂલે છે તે એનો દેવકુંવર જેવો દીકરો.' ત્યાં વળી એ અટકી ગઈ, ક્યાંક કશોક અવાજ થયો, પાસેના ઝાડનાં પાંદડાં પરથી ટીપાં સર્યા; એ બોલી: 'જો જો, આ બધી નૃત્યાંગનાઓ આવી. હવે નૃત્ય શરૂ થશે. સંગીતનો જલસો જામશે. જો ઝાંઝર રણક્યાં, સાજ બજવો શરૂ થયો. આહા, શો માલકૌંસ ઝરપી રહ્યો છે. મૃદંગની થાપ, ઝાંઝરનો રણકાર...' એ બોલ્યે ગઈ. એના પગ સળવળી ઊઠ્યાં. કશીક અકળ ભીતિથી મેં એને મારી પાસે ખેંચી લીધી... લગભગ પરોઢને સમયે અમે પાછા ફર્યા ત્યારે એ માયાવી સૃષ્ટિમાંના ભૂલા પડેલાં પ્રવાસી જેવાં અમે બે જાણે સાવ અજાણી દુનિયામાં આવી ચઢ્યાં હોઈએ એવું લાગતું હતું.

...ઘણાં વરસો પછી હું એને મળવા ગયો. કરોડરજ્જુના ક્ષયથી પીડાતી એ ઇસ્પિતાલમાં પથારીવશ હતી. મને જોઈને એની આંખ ચમકી ઊઠી. એના હાથપગ સળવળી ઊઠ્યા. એ બેઠી થવા ગઈ, બાજુમાં ઊભેલી નર્સે એને સૂવડાવી દીધી. એણે પાસેના ટેબલ પર પડેલાં મોસંબીનાં બે બી લઈને એક પછી એક સામેની કાચની બારી પર ફેંક્યાં. હું સફાળો ઊભો થઈ ગયો. એણે મારો હાથ ખેંચીને પાસે લીધો. પોતાની આંગળીથી મારી હથેળીમાં લખ્યું: 'રાક્ષસ!'

# વરપ્રાપ્તિ

હું ઓરડામાં દાખલ થયો ત્યારે એ પશ્ચિમ તરફની બારી પાસેની ટિપોય પરની ફૂલદાનીમાં, ઘૂંટણિયે બેસીને, મૅગ્નોલિયાનાં ફૂલો ગોઠવતી હતી. મારા આવ્યાની એને ખબર તો પડી જ હશે, પણ એ એણે મને જાણવા દીધું નહીં. મેગ્નોલિયાની પાંખડીઓ વચ્ચે સંતાઈ જતી અને પ્રગટ થતી એની આંગળીઓને હું જોઈ રહ્યો. નમતી સાંજની વેળાએ ઓરડામાં પડતા વસ્તુઓના પડછાયા વચ્ચે એ પોતે પણ જાણે એક પડછાયાની જેમ લુપ્ત થઈ ગઈ હતી. લવંગિકાની આ એક ખૂબી છે. પોતાના વ્યક્તિત્વનો અંચળો ગમે ત્યારે ઉતારી નાખીને એ આપણી વચ્ચે હોવા છતાં દૂર સરી જઈ શકે છે. એની પાંપણો હાલે, પણ તે તો પવનને કારણે હાલતી હશે એવું તમને લાગે. બારી પરના પડદાની ઝૂલ પવનમાં હાલે ત્યારે એની સાડીનો પાલવ પણ ફરફરે. પણ એ બે તરફ આપણું ખાસ ધ્યાન ખેંચાય નહીં.

અંધારું સહેજ ગાઢું થયું. એની આકૃતિની રેખાઓ જ માત્ર દેખાતી હતી. એ ઊભી થઈ. બોલી: દીવો કરું? એ પ્રશ્ન કાંઈ મને શોધતો આવ્યો હોય એવું મને લાગ્યું નહીં. એથી મને કશું બોલવાનું મન ન થયું. એણે ઉત્તરની રાહ પણ ન જોઈ. દીવી લીધી, ઘીનું પૂમડું મૂક્યું, ઘી પૂર્યું ( આ વિગતો કાંઈ મને દેખાતી નહોતી, એની ક્રિયાનો આભાસ જ હું તો વરતી શકતો હતો) ને દીવો સળગાવ્યો. નાની શી જ્યોતથી એની ચિબુકથી તે સીમન્તરેખા સુધીની સીધી લીટીમાં પ્રકાશની ધાર અંકાઈ ગઈ. એની આજુબાજુના ભાગમાં એના ગાલ અને એની આંખોનું સૂચન હતું. થોડી વાર એ દીવા પાસે એમની એમ ઊભી રહી. પછી એ સહેજ એક તરફ વળી. આથી પ્રકાશ એની એક આંખ પર

પડ્યો. એની ઢળેલી પાંપણો ઊંચી ન થઈ. ખભા પરથી સરી ગયેલો છેડો સરખો કરતાં કે પછી હોઠ પર વળેલો પરસેવો લૂછવા જતાં ઝાપટ વાગવાથી દીવો ઓલવાઈ ગયો. એણે એ ફરી સળગાવ્યો નહીં. મારાથી થોડે દૂર, પશ્ચિમની ખુલ્લી બારીની પાળ પર એ બેઠી ને જાણે એની દૃષ્ટિનાં ટેરવાથી બહારના અન્ધકારના ઘટ્ટ પોતને સ્પર્શી રહી. હું નર્યો અન્ધકારમય હોત તો કદાચ એની દૃષ્ટિ મારી તરફ વળી હોત.

મેં ધીમેથી કહ્યું, ‘લવંગિકા…’

સરુના સમુદ્રના ઘુઘવાટ જેવા મર્મરમાં એ હળવું સમ્બોધન કદાચ ડૂબી ગયું. એ સમ્બોધન પછી ગોઠવી રાખેલી બધી વિગતવાર વાતો ઉખેળાવાની રાહ જોતી હતી. પણ પવન પડી જતાં વહાણ સ્થિર થઈ જાય તેમ મારું મન સ્થિર થઈ ગયું હતું. હવે ‘લવંગિકા’ના ચાર અક્ષર ભેગા કરવા જેટલો પણ ઉદ્યમ રુચતો નો’તો. એની આજુબાજુ ઘુમરાઈને આવતો અન્ધકાર મારી ચારે બાજુ ફરી વળતો હતો.

અન્ધકાર બિનજરૂરી બધું જ બાદ કરીને નરી શુદ્ધ આકૃતિનો જ આપણને કેવો પરિચય કરાવે છે! બારીની પાળ પર બેઠેલી લવંગિકા જાણે એક ઊછળતા મોજા જેવી હતી. એ સતત ઊછળ્યા કરે છે, એના બે ઉછાળા વચ્ચે એટલું તો ઓછું અન્તર હોય છે કે એ બે નહીં પણ એક જ ઉછાળો છે એવું લાગે છે. એની નિશ્ચેષ્ટતા છતાં એના ઊછળવાનો પછડાટ હું અનુભવતો હતો.

મારે જે બોલવાનું હતું તે બધું હું ભૂલતો જતો હતો. આથી રખેને બધું ભૂલી જાઉં એ બીકે હું એકાએક બોલી પડ્યો: ‘અતુલ કાલે આવે છે. તને ખબર છે?’ મારા અવાજથી હું જ ચોંકી ઊઠ્યો. અન્ધકારને કારણે કે કોણ જાણે શાથી, એ સહેજ ઘોઘરો લાગતો હતો. લવંગિકાએ અન્ધકારમાં જ મારી તરફ મોઢું ફેરવ્યું. કશું બોલી નહીં.

મેં પૂછ્યું: ‘તને બીક નથી લાગતી?’

મારો પ્રશ્ન અણધાર્યો હતો. એમાં રહેલી સન્દિગ્ધતાએ આખરે લવંગિકાનું મૌન તોડ્યું. એ બોલી: ‘શેની બીક?’

'કોની બીક' એ ન બોલી એ તરફ મારું ધ્યાન ગયું. માત્ર એના મૌનને તોડવા ખાતર મેં કહ્યું: 'અન્ધકારમાં કોઈ પુરુષ સાથે એકલા બેસવાની?'

આ સાંભળીને એ હસી પડી. બારીની પાળ પરથી ઊઠી. મારા પગ પાસે આવીને બેઠી. મારા ઘૂંટણ પર માથું ટેકવીને મારી તરફ જોઈ બોલી: 'યાદ છે, એક વાર મેં જીદ પકડી હતી કે મારે જીવતો-જાગતો રાક્ષસ જોવો છે.' બાપુ ખિજાયા, મા વઢી, પણ હું કેમે કરી એકની બે ન થઈ. ત્યારે તમે કહ્યું: 'ચાલ, હું તને રાક્ષસ બતાવું.' એમ કહીને તમે ઘર પાછળના લીમડા તરફ મને લઈ ગયા. હું આવું તે પહેલાં દોટ મૂકીને તમે ક્યાંક સંતાઈ ગયા. પછી ઘોઘરો અવાજ કાઢીને બોલ્યા –

મેં પૂછ્યું: 'ત્યારે તું ખરેખર બી ગઈ હતી?'

એ બોલી: 'હા, ઘડીભર તો ધબકી જ ગઈ'તી. પછી પાછળથી આવીને તમે મારે ખભે હાથ મૂક્યો ત્યારે તમારી આંગળી પરની વીંટી પરથી તમે ઓળખાઈ ગયા.'

મેં કહ્યું: 'હવે હું રાક્ષસ થઈને બિવડાવું એટલો અન્ધકાર મારામાં નથી રહ્યો એમ તને લાગે છે?'

એ બોલી: 'તમે પહેલવહેલા 'લવંગિકા' એમ બોલ્યા ત્યારે મને તમારો એ દિવસનો અવાજ યાદ આવ્યો. પણ હવે –'

એ બોલતી અટકી ગઈ.

મેં પૂછ્યું: 'હવે શું?'

એણે કહ્યું: 'ના, કાંઈ નહીં.'

મેં એણે ચીઢવવા કહ્યું: 'હવે અતુલ પડખે ઊભો હોય પછી કયા રાક્ષસની મગદૂર છે કે...'

એ વાક્ય પૂરું કરું તે પહેલાં એના હાથથી એણે મારું મોઢું બંધ કરી દીધું. મને કોણ

જાણે શું સૂઝ્યું તે મેં એની આંગળીને સહેજ મારા દાંત વચ્ચે દબાવી દીધી. પણ એને છોડાવવાનો પ્રયત્ન એણે ન કર્યો.

થોડી વાર સુધી એ કશું બોલી નહીં. મારા હાથમાંની આંગળી પરની વીંટી રમાડ્યા કરી. આથી મેં પૂછ્યું: 'વળી તને રાક્ષસ દેખાયો?'

એણે કહ્યું: 'હા, એથી જ તો આ વીંટીને અડું છું. એને અડું એટલે બધા રાક્ષસ ભાગી જાય.'

મેં કહ્યું: 'તો તો હું લગ્નમાં તને આ વીંટી જ ભેટ આપીશ.'

એ બોલી: 'પણ એનો જાદુ તો એ તમારી આંગળી પર હોય ત્યારે જ રહે.'

આનો મને કશો જવાબ સૂઝ્યો નહીં. હું જવાબની શોધમાં જ હતો ત્યાં એ બોલી: 'બોલો, બીજું કશું જાદુ છે તમારી પાસે? મને આપી શકાય એવું?

મેં કહ્યું: 'હા.'

એ બોલી: 'શું?'

મેં કહ્યું: 'અતુલ.'

એ એકાએક ઊભી થઈ ગઈ. ફરી બારી આગળ મારી પીઠ કરીને ઊભી રહી ગઈ. મેં પૂછ્યું: 'કેમ, એનું નામ દેવાથી શરમાઈ ગઈ?'

એ કશું બોલી નહીં. મને થયું કે હું જે કહેવા આવ્યો હતો તે મારે કહી જ દેવું જોઈએ. આથી મેં શરૂ કર્યું: 'અતુલે મને એક કામ સોંપ્યું છે. મને ખબર નહીં કે તમે બંને આટલાં બધાં શરમાળ હશો. એ આ ઓગસ્ટમાં લંડન જવા ધારે છે. એ પહેલાં જો તું લગ્ન કરવાની સંમતિ આપે –'

મને બોલતો અટકાવીને એ બોલી પડી: 'મારી સંમતિની શી જરૂર છે?'

મેં કહ્યું: ‘તારી સંમતિ વિના એ તને શી રીતે પરણે?’

એ બોલી: ‘તમે છો ને…’

વાક્ય એણે પૂરું કર્યું નહીં. આથી એ શું કહેવા જતી હતી તે મને પૂરું સમજાયું નહીં.

મેં કહ્યું: ‘મારા હોવાથી શું?’

એ બોલી: ‘બાળપણમાં મને ખભે બેસાડીને ચંપાનું ફૂલ તોડાવતા તેમ તમારે ખભે બેસાડીને –’ વળી એણે વાક્ય પૂરું નહીં કર્યું.

હું સહેજ ધૂંધવાયો: ‘હવે મારા ખભાની શી જરૂર? ચંપો તોડનારની ઊંચાઈ વધી છે ને ચંપાની ડાળ પણ અનુકૂળ રીતે નીચી નમી છે.’

એ બોલી: ‘તો મને ખભેથી નીચે ઉતારી દો ને?’

એનો અવાજ ગળગળો થઈ ગયો. રોષનો તાપ અને આંસુની ભીનાશ એમાં ભળ્યાં હતાં. હું સહેજ અસ્વસ્થ થયો. એની પાસે જઈને મેં એને માથે હાથ મૂક્યો, એ તરત બોલી: ‘શો આશીર્વાદ આપો છો?’

‘ઇચ્છાવર પામજે.’

એણે મારો હાથ માથા પરથી ખસેડવા દીધો નહીં. એ જાણે મારા આશીર્વાદને બાઝી પડી. પછી એ બોલી: ‘તમને કોઈ આશીર્વાદ આપે છે ખરું?’

મેં કહ્યું: ‘મારી મા દરરોજ મને આશીર્વાદ આપતી, હવે તો નથી–’

એણે કહ્યું: ‘એમના આશીર્વાદ ફળ્યા કે નહીં?’

મેં કહ્યું: ‘એટલાં મારાં પુણ્ય નથી લાગતાં.’

એ બોલી: ‘તમારાં પાપ કાંઈ ઓછાં નથી તો!’

એના વાક્યમાં રોષની આંચ હતી. મેં એના રોષને હળવો પાડવા કહ્યું: ‘મા બિચારી હતી ત્યાં સુધી દરરોજ રાહ જોતી. આંગણામાં પાલખી આવીને ઊભી રહે, એમાંથી વહુ ઊતરે, રૂપરૂપના અમ્બાર જેવી, ચાલે ત્યાં ફૂલ વેરાય, હસે ત્યાં ગુલાબ, રડે ત્યાં મોતી. સાંજે બારણું વાસવા ન દે. મીટ માંડીને બેસી રહે, વહુની રાહ જુએ. હું સાંજવેળાએ રખડીને આવું ત્યારે હાથ આખા શરીરે ફેરવીને જોઈ લે કે ક્યાંક વહુને સંતાડી તો નથી આવ્યો ને? મરતી વેળાએય એણે મારે શરીરે હાથ ફેરવીને તપાસ કરી લીધી, પછી એના હાથ શિથિલ થઈને સરી પડ્યા.’

‘તો તમે વહુ શોધવા કેમ નહીં નીકળ્યા?’

‘જે પોતાની પાસે હોય તેને શોધવા નીકળાય?’

‘ક્યાં છે?’

એ પ્રશ્નમાં અધીરાઈની કે પછી કોણ જાણે શાની તીક્ષ્ણતા હતી કે હું એનાથી છેદાઈ ગયો.

મેં કહ્યું: ‘ટબૂકડી અમથી એ હતી ને ત્યારથી રખેને એને કોઈ ચોરી લઈ જાય એ બીકે મેં એને સંતાડી રાખી છે.’

એ બોલી: ‘ક્યાં?’

મેં હસી પડીને કહ્યું: ‘એ જ તો ભૂલી ગયો છું.’

એ એકાએક ઊભી થઈને મારી માની જેમ મારા શરીરને ફંફોસી ફંફોસીને તપાસવા લાગી.

મેં હસીને કહ્યું: ‘અરે, એને મેં કાંઈ ખિસ્સામાં થોડી જ મૂકી છે! ચન્દન તળાવડીને કાંઠે આંબાનું ઝાડ છે, તેની બખોલમાં એણે મન્ત્ર ભણીને સંતાડી દીધી છે, એ મન્ત્ર ફરીથી બોલું તો એ મોટી થઈને હાજર થાય. પણ હવે એ મન્ત્ર ભૂલી ગયો છું.’

એ બોલી ઊઠી: ‘લાવો, હું શોધી આપું?’

મેં કહ્યું: ‘શું?’

એ બોલી: ‘મન્ત્ર,’ ને હજુ હું કહું તે પહેલાં મારા હોઠ પર હાથ ફેરવવા લાગી, પછી એના હોઠથી મારા હોઠને સ્પર્શીને એ મન્ત્રને જાણે મારા હોઠ પરથી સીધો પોતાને હોઠે લઈ લેવાનો પ્રયત્ન કરવા લાગી. પછી એ એકાએક બોલી ઊઠી: ‘જડી ગઈ, જડી ગઈ.’ મેં કહ્યું: ‘ક્યાં છે?’ એણે કહ્યું: ‘આ રહી.’ એમ કહીને એ મારી સામે ઊભી રહી ગઈ.

# ઝેર

હકૂમતરાય ઉપરના ઓરડામાં આંટા મારતા હતા. ઓરડામાંની ત્રણ કાચની બારીમાંના, એમની સાથે સમાન્તર ચાલી રહેલા, એમના આછા આભાસને પણ એઓ જોતા હતા. એ આભાસના સંગાથથી ટેવાઈ જવાના જ કદાચ હવે દિવસો આવ્યા હતા. એક ખૂણામાંના બુકશેલ્ફ પરના ચળકતા વાનિર્શ પર આથમતા દિવસનો તડકો વિખેરાઈ ગયો હતો. ઇજિપ્તના પિરામિડમાંના મમીની ત્વચા પર જેવો ચળકાટ હોય છે તેવો એ ચળકાટ લાગતો હતો. એમાં ઉછીની ચમકથી જીવવા મથતી નિષ્પ્રાણતાની લાચારી હતી. એ જોતાં જોતાં જ એમની આંખ આગળ એ દિવસે સવારે જ જોયેલું દૃશ્ય ચમકી ગયું. ને પોતે કશો પ્રયત્ન કરે તે પહેલાં ઇજિપ્તના મમીની ચળકતી ત્વચાના ચિત્ર સાથે એ દૃશ્ય સંધાઈ ગયું. ઉનાળાની સવારનો તડકો કાચની બારીમાંથી આવીને ઓરડામાં ફેલાતો હતો. એ તડકાથી અજવાળાતી વસ્તુઓને હકૂમતરાય પથારીમાં પડ્યા પડ્યા જોઈ રહ્યા હતા, જાગતા હોવા છતાં એમનાથી ઊઠી શકાતું નહોતું. કારણ કે એમનાં પત્નીનો હાથ એમને ગળે વીંટળાઈને પડ્યો હતો. વસ્ત્ર અસ્તવ્યસ્ત થઈ જવાને કારણે પત્નીની એક સાથળ ખુલ્લી પડી ગઈ હતી. એ સાથળના પર પડતો તડકો જોતાં એમને જુગુપ્સા ઊપજી હતી. લબડી પડેલી ચરબીવાળી એ સાથળનું ફરીથી એમને સ્મરણ થયું ને આંખ આગળથી એ ચિત્રને ભૂંસી નાખવાનો એમણે પ્રયત્ન કર્યો, પણ દરેક પ્રયત્ને ચિત્રની રેખા સ્પષ્ટ ઊપસી આવતી ગઈ. સાંજના તડકાને, એ જાણે એમને વીંટળાઈને વળતું જાળું હોય તેમ, બે હાથ વીંઝીને એઓ દૂર કરવા મથ્યા. બારીના કાચમાંના આભાસે એમની વાનરનકલ કરી. એમણે ચિઢાઈને બારી ખોલી નાખી. બારી ખોલતાંની સાથે નીચેના આનન્દમગ્ન ટોળાનો કલશોર એમને ઘેરી વળ્યો. એ બધા

અવાજોને એઓ ઓળખી ઓળખીને છૂટા પાડવા લાગ્યા: ખરી પડેલાં સૂકાં પાંદડાં પરથી દોડી જતી પાટલા ઘોના જેવો એમની પત્નીનો પુરુષ અવાજ, કામવિહ્‌વળ નરકપોતના ઘૂ ઘૂ જેવો એમના યુવાન પુત્રનો અવાજ, ચોરીછૂપીથી મનમાં રમાડ્યા કરવો ગમે એવો એમની ભાવી પુત્રવધૂનો અવાજ, વિહ્‌વળતાની છોળ ઉરાડતો એની સહિયરોનો અવાજ. ઘડીભર એઓ આ બધા અવાજોથી ઘેરાઈ ગયા, પણ બીજી જ પળે સાવધ બનીને એઓ દૂર સરી આવ્યા. કોઈ રાજા જંગલમાં શિકારે નીકળે ત્યારે દૂરથી હાકોટા પાડતા માણસોના અવાજથી ઊંઘમાંથી જાગી ઊઠીને વાઘ ત્રાડ નાખે તેમ આ અવાજોથી જાગીને એમનામાંનું કશું ત્રાડ પાડી ઊઠ્યું. ક્યાંક દૂર રુધિરમાંસની પુષ્ટતાની ગન્ધ આવી, નહોર સળવળ્યા, આંખમાં અંગારો ચમકી ગયો, હકૂમતરાયે બારી બંધ કરી દીધી. સાંજના વદાય લેતા તડકાએ ટોયલેટ ટેબલના આયનાની છાતીમાં કરેલો ઘા ચમકી રહ્યો હતો. એ ઘાને ઢાંકવા હકૂમતરાય તડકા અને આયનાની વચ્ચે જઈને ઊભા રહ્યા. આછા અન્ધકારનું કાળું ઉપરણું પહેરીને ઊભેલા એ પ્રતિબિમ્બને એઓ જોઈ રહ્યા. બે આંખો નીચેની કોથળીમાં એમણે આ સાપનું ઝેર સંચિત કરી રાખ્યું હતું? ઝેર...

હકૂમતરાય આયના આગળથી ખસી ગયા. વધતા જતા અન્ધકારે બારીના કાચ પરના આભાસને ભૂંસી નાખ્યો. નાનું બાળક એકલું પડતાં ભય પામે તેમ એઓ એકલા પડતા ધ્રૂજી ઊઠ્યા. એ ભયને ખંખેરી નાખવા એઓ ટટાર થયા. હાડકાના માળખાને એમણે ખખડતું સાંભળ્યું. એમને હોઠે કોઈએ શબ્દ મૂક્યા: હાડકાંનો પિરામીડ! તો બસ, એમાં મમી પધરાવાનું જ હવે બાકી છે?

એમણે પોતાની આંખનાં પોપચાં પર આંગળી ફેરવી, એના પર ઊપસી આવેલા સોજાને સહેજ દબાવી જોયો. એ સોજાના આવરણને જાણે એઓ ભેદી શક્યા નહીં. એમણે ઘેરી વળેલા થોથરને ખંખેરી નાખવાનો એમણે પ્રયત્ન કર્યો. કશાક તીક્ષ્ણ તેજાબથી નસ્તર મૂકીને આખી ખાલ ઉતારી નાખી નાસી છૂટવાનું એમને મન થયું. એમણે ઉપાડેલા ચાર પગલાંમાંથી ત્રણ પગલાં ચોરી જતા, પોતાના જ શરીરમાં ભરાઈ બેઠેલા, ચોરને બહાર કાઢવા એઓ અધીરા થયા. પણ એ કાળયવનની જેમ એવો તો ઊંડે ભરાઈ બેઠો હતો કે કોઈ સુદર્શન ચક્ર ત્યાં પહોંચે એમ નહોતું.

ધીમે ધીમે અંધારું વધતું ગયું. એ અંધારાના માયાળુ સ્પર્શે એમનો આકાર લગભગ ભૂંસી નાખ્યો. ચારે બાજુની નિશ્ચિહ્નતામાં શમી જઈને એમણે હળવાશ અનુભવી, પણ એ હળવાશને તળિયે કશુંક, ઓગળ્યા વિનાના ગાંગડા જેવું, વરતાતું હતું. એના હોવા માત્રનો ભાર એમનાથી જીરવાતો નહોતો. મરજીવિયો મોતી કાઢવા સમુદ્રને તળિયે ડૂબકી મારે તેમ એમણે શ્વાસ બંધ કરીને પોતાનામાં જ ઊંડે ડૂબકી મારી, પણ ફુગાઈ ઊઠેલા શબની જેમ એઓ તરત જ પાછા ઉપર તરી આવ્યા.

ત્યાં કોઈએ બારણું ઠોક્યું. હકૂમતરાય સફાળા પોતાની જાતને સમેટવા લાગ્યા. બારણું ખૂલ્યું. એમની પત્નીનો પ્રશ્ન એમને શોધતો એ અન્ધકારમાં ચામાચીડિયાની જેમ ચક્કર ખાવા લાગ્યો: ‘ક્યાં છો તમે?’

હકૂમતરાયે લાઇટ કરી. તેજના બખિયાથી સંધાઈને એઓ ઊભા રહ્યા. એ પ્રકાશમાં એમણે પત્નીને જોઈ. ખભા પરથી સાડીનો છેડો સરી પડ્યો હતો. ચરબીથી સ્ફીત સ્તન શરીરની સહેજ સરખી હિલચાલથી ઊછળતાં હતાં. મોઢા પરનો ચીકણો પરસેવો તગતગી ઊઠ્યો હતો. હોઠ પરના વાળની રુવાંટી પાવડરથી ઢાંકવાનો પ્રયત્ન કર્યા છતાં છતી થઈ ગઈ હતી. ડહોળા ખાબોચિયામાં પડતા સૂર્યના પડછાયા જેવી આંખોને હકૂમતરાય જોઈ રહ્યા. એઓ અસાવધ હતા ત્યાં એમની પત્નીએ એમનો હાથ ઝાલ્યો. એ હાથ પરના પરસેવાના ભેજથી એમને ઊબકો આવવા જેવું થયું. એઓ હાથ પાછો ખેંચી લેવા ગયા ત્યાં એમના પત્નીના હાથની પકડ મજબૂત બની. એના હાથની આંગળીમાંની વીંટી એમની આંગળીના હાડકા સાથે દબાઈને પીડવા લાગી. એઓ કશું બોલે તે પહેલાં એમનો દીકરો તથા એમની ભાવિ પુત્રવધૂ ઓરડામાં દાખલ થયાં. બંનેના મોઢા પર હાસ્યની ચમક હતી. એ ચમક સાથે ટકરાઈને આવતો પ્રકાશ એમની આંખને ઝંખવી નાખતો હતો. બંને નીચાં વળ્યાં. એમને આશીર્વાદ આપવા બંનેને માથે પોતાનો છૂટો રહેલો એક હાથ વારાફરતી મૂક્યો. ભાવિ પુત્રવધૂના વાળની લટના રેશમી સ્પર્શે લલચાઈ ને હાથ સહેજવાર વધારે માથા પર રહ્યો. પુત્રવધૂએ નજર ઊંચી કરી ત્યારે પકડાઈ જવાની બીકે એમણે નજર નીચી કરી લીધી. ત્યાં એમનાં પત્નીએ કહ્યું: ‘લો, આ લોકેટ તમારે હાથે તમે દુલારીને પહેરાવો.’ એમ કહીને એણે પોતાની ડોક હકૂમતરાય આગળ ધરી. આંકડો કાઢતાં ગરદન પરની રુવાંટીનો હકૂમતરાયને

સ્પર્શ થયો. એની નીચેની સ્ફીત માંસલતાને નહોર ભરી લેવાની એમણે ઇચ્છા થઈ આવી. એમણે સહેજ નખ ભર્યો પણ ચરબીના પડમાં એ નખ ઝાઝો ખૂંપી શક્યો જ નહીં. આંકડો કાઢીને એઓ લોકેટ પુત્રવધૂને પહેરાવવા જતા હતા ત્યાં એમનાં પત્નીએ લોકેટ એમના હાથમાંથી આંચકી લીધું ને એ લઈને એ ખૂણામાં પીઠ કરીને ઊભી રહી ગઈ. હકૂમતરાય તરત એની પાછળ જઈને ઊભા રહ્યા ને ખભા પરથી ઊંચા થઈને કાકદૃષ્ટિએ જોવા લાગ્યા, પત્નીએ છણકો કરીને કહ્યું: 'તમેય તે કેવા છો, પેલાં બે…'

'તેં લોકેટમાં શું સંતાડ્યું છે તે જોવા દે,'

'સંતાડવાનું શું હોય? એ તો ફોટો છે.'

'કોનો?'

'તમેય તે શું પૂછતા હશો!'

'લાવ, જોવા દે, જોઉં.'

ખેંચાખેંચમાં લોકેટ નીચે પડી ગયું. અધખૂલા લોકેટને ઝડપ મારીને હકૂમતરાયે લઈ લીધું, ને પત્ની હાથ મારે તે પહેલાં ખોલી નાખ્યું. અંદરથી ફોટો તો ન નીકળ્યો, નીકળી એક પડીકી. એની ઉપર લખ્યું હતું તે હકૂમતરાયથી વંચાઈ ગયું: ઝેર!

આ સાંભળીને દીકરો ને દીકરાની વહુ હેબતાઈ ગયાં ને શું કરવું તે નહીં સૂઝતાં ત્યાં ને ત્યાં જડાઈ ગયાં. બારીની પાળ પર માથું મૂકીને હકૂમતરાયનાં પત્નીએ ડૂસકાં ભરવા માંડ્યાં, ડૂસકાંથી એના ખભા હાલવા લાગ્યા. રુદન રુંધવાનો પ્રયત્ન કરવા જતાં પત્નીના ગળામાંથી વિચિત્ર અવાજ નીકળ્યો. આ પરિસ્થિતિથી મૂંઝાઈને આખરે દીકરો ને દીકરાની વહુ નીચે ઊતરી ગયાં.

હકૂમતરાય લોકેટ લઈને પત્નીની પાસે ગયા. ધ્રૂજતા ખભાને પકડીને એમણે ફેરવવાનો પ્રયત્ન કર્યો. પત્ની એમના પગ આગળ ફસડાઈ પડી, એકાએક એણે હકૂમતરાયના પગ પકડી લીધા. હકૂમતરાય મૂંઝાયા. એઓ બહારના અન્ધકાર તરફ મીટ માંડી રહ્યા.

શૂન્યમાં તાકીને થાકેલી દૃષ્ટિ પાછી વળી. બે બારીની વચ્ચેના ખૂણામાં કરોળિયાએ બાંધેલી જાળમાં જન્તુઓનાં પારદર્શી ખોખાં લટકી રહ્યાં હતાં. એમણે પોતાની આંખ નીચેના સોજા પર હાથ ફેરવ્યો, એ કોથળી ઝેરથી તસતસતી ફાટું ફાટું થઈ રહી હોય એવું એમને લાગ્યું, એઓ નીચા વળ્યા. એમની પત્નીને એમણે ઊભી કરી, ઝેરનું પડીકું લઈને બારીમાંથી ફગાવી દીધું. થોડી વાર બારી આગળ ખુલ્લી હવા લેવા એઓ ઊભા રહ્યા. એમની આંખ નીચેની કોથળી ધબકવા લાગી. પોતાના નખ વડે એ કોથળીને ચીરી નાખવાનું એમને મન થયું. એમણે આંખો પર હાથ દાબી દીધા. આંગળીને ટેરવે થઈને ઝેર શિરાએ શિરાએ પ્રસરવા લાગ્યું. એમના ઉચ્છ્વાસે ઉચ્છ્વાસે એ ઝેરને એઓ ઉલેચવા મથવા લાગ્યા.

# પ્રત્યાખ્યાન

રૂમા ચાલતી હતી. એની ચારે બાજુ જાત્રી ભજનિકોનાં ટોળાં, ભજન ગાતાં ગાતાં, ભક્તિના નશામાં ઝૂમીને, ચાલતાં હોય તેમ એક દોઢ માથોડા ઊંચા સૂરજમુખીના છોડ પરનાં પૂરાં ખીલેલાં ફૂલો પર ચાલી રહ્યાં હતાં. એમનાં અર્ધાં અસ્પષ્ટ સંગીતને એ પણ ગૂંજી રહી હતી. એ કોણ જાણે ક્યારથી આમ ચાલ્યે જતી હતી. મોખરે ચાલતાં ફૂલોનો સૂર એને આગળ ને આગળ પ્રેર્યે જતો હતો. વચ્ચે ક્યારેક ક્યારેક મંજીરાના રણકાર જેવો કે પછી એકાએક ખડખડ હસી પડતાં બાળકોનો કે પછી રૂમઝૂમ રૂમઝૂમ કરતી દોડી જતી પરીઓનો મંજુલ ધ્વનિ એને કાને પડતો હતો. આકાશમાંના સૂરજમાંથી સાત રંગનાં ઝરણાં દોડી જતાં હતાં. એના ઊડતા સીકરથી એ ભીંજાઈ જતી હતી. એવામાં એકાએક સૂર થંભી ગયો, ગીત અટકી ગયું, કોઈના ઊંડા નિઃશ્વાસ જેવી પવનની લહરી એના ગાલને હળવેકથી સ્પર્શીને પસાર થઈ ગઈ. એ થંભી ગઈ. એણે જોયું તો કોઈ ખૂંધું પ્રાણી ફૂલોની ડોક મરડીને દોડ્યે જતું હતું. પરીની તૂટેલી પાંખ ઊડતી ઊડતી આવીને એના વાળની છુટ્ટી લટમાં ભેરવાઈ ગઈ. થોડી વાર સુધી તો એ ધૂંધવાઈને એમ ને એમ ઊભી જ રહી ગઈ. પછી ચારે બાજુ છવાઈ ગયેલી નિઃશબ્દતાના ભારથી પોતે કચડાઈ જશે કે શું એવી ભીતિથી એ સફાળી ચાલવા લાગી. એણે પગ ઉપાડ્યો ત્યાં જ એની પાછળ કશોક સળવળાટ થયો. એણે જોયું તો પેલું ખૂંધું પ્રાણી એની સામે તાકીને ઊભું હતું. એ પ્રાણીની આંખમાં કશીક અકળ વ્યથા હતી. એને જોઈને રૂમા છળી મરી નહીં, ચીસ પાડી ઊઠી નહીં, લાચારીભરી એ દયાજનક આંખોને એ એકીટશે જોઈ રહી. ત્યાં ક્યાંકથી કશોક સંચાર થતાં ભયનું માર્યું એ પ્રાણી દોડવા માંડ્યું. રૂમાને પાછળ દોડતી જોઈને પેલું પ્રાણી બમણા વેગથી દોડવા માંડ્યું. રૂમાએ એક અચરજભરી વાત, મનની

એ ભયવિહ્વળ સ્થિતિમાં પણ, નોંધી લીધી, પેલા પ્રાણીનો જ્યાં જ્યાં પગ પડતો હતો ત્યાં ત્યાં ઘાસ સુકાઈ જતું હતું, છોડ મરી જતા હતા, ફૂલો કરમાઈ જતાં હતાં. જો એ પ્રાણીનો પંજો પોતાના પર પડે તો? તો એ પણ પેલાં સૂરજમુખીનાં ફૂલોની જેમ કરમાઈને ડોક ઢાળી દે? આ વિચારે એને ઊભા રહી જવાનું મન થયું, પણ એ એના વશની વાત નહોતી રહી. પેલું પ્રાણી દોડતું હતું ત્યાં સુધી એ દોડવાનું અટકાવીને ઊભી રહી જાય તે જાણે શક્ય જ નહોતું. આથી એ દોડ્યે જ ગઈ. વૃક્ષોના પડછાયા ભેગી કોઈક વાર એ પ્રાણીની છાયા ભળી જતી, પણ બીજી જ ક્ષણે એ છલાંગ ભરીને એમાંથી બહાર નીકળી આવતું, આમ ને આમ આગળ જતાં એક સુકાઈ ગયેલી નદી આવી. એનાં હાડપાંસળા જેવા મોટા મોટા ખડકો બહાર નીકળી આવ્યા હતા. પેલું પ્રાણી તો આસાનીથી એ ખડકો ઠેકીને દોડવા માંડ્યું. રૂમા તો ઠોકર ખાઈને પડવા માંડી. એક વાર તો એ એવી ઠોકરાઈને પડી કે બધાં હાડકાં ખોખરાં થઈ ગયાં. કળ વળતાં એણે ઊભા થઈને આજુબાજુ જોયું તો ક્યાંય કશું દેખાયું નહીં. બધા ખડકોની વચ્ચે પેલું પ્રાણી ક્યાંક અદૃશ્ય થઈ ગયું હતું. એ થોડી વાર વિમાસણમાં ઊભી જ રહી ગઈ. ત્યાં એની લટ વચ્ચે ઝીલાઈ રહેલી પાંખમાં લપાઈ રહેલી પરીએ એના કાન આગળ ઝૂકીને કહ્યું: 'એ તો એક રાક્ષસ પ્રાણીનું રૂપ ધારણ કરીને દોડાવતો દોડાવતો તને અહીં લઈ આવ્યો છે. અનેક બાળકોની હત્યા કર્યાથી એને શાપ લાગ્યો છે. એ ખડકો ભેગો ખડક થઈને અહીં લપાઈ ગયો છે. જે ખડકની પાસે પીળા રંગનું પતંગિયું ઊડતું હોય તેને લાત મારવાથી એ બહાર આવશે.'

રૂમા અચરજ પામીને વાળમાં ભેરવાઈ ગયેલી એ પરીને હાથમાં લેવા ગઈ. લટથી પાંખ છૂટી પડીને પંખીના પીછાની જેમ પવનમાં ઊડીને ક્યાંની ક્યાં અદૃશ્ય થઈ ગઈ. આખરે રૂમા એક પછી એક ખડક પર થઈ પીળા પતંગિયાવાળા ખડકની શોધમાં આગળ વધી. ત્યાં એણે એક મોટો ખડક જોયો. એ ખડક વચ્ચે મોટી બખોલ હતી. એમાં બે મોટાં ઈંડાં હતાં. એ ઈંડાં દૂરથી તગતગ થતાં હતાં, ને સાવ સોનાનાં હોય એવું લાગતું હતું. રૂમા એ ઈંડાં પરથી આંખ ખસેડી શકી નહીં, એ પેલા રાક્ષસની વાત સાવ ભૂલી ગઈ. એણે ઈંડાં લેવા, બખોલની બહાર રહીને, હાથ લંબાવ્યો. આમ તો ઈંડાં હાથવેંત લાગતાં હતાં, પણ ખરેખર એટલાં પાસે નહોતાં. લોભની મારી રૂમા જાળવીને બખોલની અંદર ઊતરીને એક ઈંડું હાથમાં લેવા જાય છે ત્યાં બહારથી એક પથ્થર ગબડતો ગબડતો આવ્યો ને બખોલના મોઢા આગળ આવીને પડ્યો. એથી બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો,

રૂમા બે હાથે એ પથ્થરને દૂર કરવાને મરણિયો પ્રયત્ન કરવા લાગી. પથ્થરની ખરબચડી ધાર સાથે ઘસાવાથી એના હાથે ઊઝરડા પડ્યા, એનો શ્વાસ રુંધાવા લાગ્યો. એવામાં એનો પગ લપસ્યો ને એ પડી. એ નીચે ને નીચે પડ્યે જ ગઈ, ત્યાં પેલા પ્રાણી જેવું રુવાંટીવાળું ને તગતગતું કશુંક એને એક સ્થળે પડેલું દેખાયું. એને એ બાઝી પડી. પેલું પ્રાણી જાણે ઊંઘમાંથી ત્રાડ નાખીને જાગ્યું, એણે પંજો પ્રસાર્યો, એ પંજો રૂમાના મોઢાની નજીક ને નજીક આવતો ગયો. રૂમા એક હાથે એ પ્રાણીના શરીરને બાઝી રહી ને બીજે હાથે એ પંજાને ઝાલી લેવાને મથવા લાગી...

રૂમાને શરીરે પરસેવો વળી ગયો, એની પાસે સૂતેલા એના પતિનો વાળની રુવાંટીવાળો હાથ એ જોઈ રહી.

એ ઊઠીને ઊભી થઈ. બારી આગળ જઈને ઊભી રહી. એક મોટા કાળા વાદળને લીધે ચન્દ્ર ઘડીભર ઢંકાઈ ગયો હતો. તેમ છતાં ચાંદનીનો આભાસ બધે પ્રસરેલો હતો. પવન સાવ થંભી ગયો હતો, વૃક્ષો પોતાનાં ભૂત જેવાં લાગતાં હતાં. એ હજુ પૂરતો શ્વાસ લઈ શકતી નહોતી. દૂર દૂર ડુંગરીઓની આછી રેખાઓ દેખાતી હતી. એને વટાવીને પેલે પાર રહેલા કોઈ માયાવી લોકમાં નવું રૂપ ધારણ કરીને અદૃશ્ય થઈ જવાનું એને મન થયું. અત્યારે એ અહીંથી ચાલી જાય તો એને કોણ રોકે? કોઈ બે નાના નાના હાથ એના હાથને વીંટળાઈ વળે, ઊંઘમાંય સ્તનાગ્રને મુખમાંથી ન છોડીને કોઈ એને પડખું સુધ્ધાં બદલવા ન દે...

રૂમા પાછી પથારીમાં આવી. વાદળ ખસી જતાં ચાંદની ઓરડામાં ફેલાઈ ગઈ. એ ચાંદની એના પતિ પર ઢોળાઈ. સમુદ્રનાં પાણી ખડક સાથે પછડાઈને પાછાં વળે તેમ ચાંદની એના પતિના શરીર સાથે પછડાઈને પાછી વળતી ન હોય એવું એને લાગ્યું. એના મુખમાંથી આછો નિઃશ્વાસ સરી પડ્યો. એ ક્યાંય સુધી પથારીમાં એમ ને એમ બેસી રહી. એણે પતિના સુપુષ્ટ શરીર તરફ જોયું. ઊંઘમાં એનું મોઢું અર્ધું ખુલ્લું રહી ગયું હતું. એના શ્વાસોચ્છ્વાસનો લય એને સાવ અજાણ્યો લાગતો હતો. નિદ્રાએ ચહેરા પર બાઘાઈનું એક પોતું ફેરવી દીધું હતું. હોઠને ખૂણે સિગારેટને ત્રાંસી ગોઠવીને અદાથી મોટરના સ્ટીઅરિંગ વ્હીલને સંભાળતો એ કાલે એની પડખે પોતાને બેસાડીને ફરવા નીકળશે: રોટરી ક્લબ.... હલો મિસિસ દીક્ષિત... વો'ટ અ ચાર્મિંગ લેડી, ધૅટ દિક્ષિત ઇઝ અ

લકી ડોગ... આવો ને, એક રબર તો રમી લઈએ, બાય ધ વે, આઇ જસ્ટ રિમેમ્બર્ડ, કેન યુ સ્પૅર વન ઇવનંગિ, રૂમા?... ઓફ કોર્સ, ઓફ કોર્સ... સિનર્સ પેરેડાઇઝ... એક્સ્ક્યુઝ મી ઇફ આઇ સેય સો, બટ વો'ટ અ બોર હી ઇઝ... બસ, એકાદ વાર... જસ્ટ ફોર વન્સ... રૂમાદેવી...'

રૂમાએ પવનને કારણે ખભા પરથી સરી પડેલા સાડીના છેડાને સરખો કર્યો. એના શરીરમાંથી ધ્રૂજારી દોડી ગઈ. એને કશીક હૂંફની જરૂર લાગી. એ જ વખતે કશુંક અસ્પષ્ટ બબડીને એના પતિએ પડખું બદલ્યું. રણક્ષેત્રમાં ઘવાયેલા કોઈ સૈનિકની જેમ બે હાથને પથારીમાં પસારીને એ ચત્તોપાટ પડ્યો હતો. હમણાં એની ચીસ વાતાવરણમાં ગાજી ઊઠશે એવું રૂમાને લાગ્યું. પથારીમાંની રહીસહી બચેલી જગ્યામાં એ શરીરને સંકોચીને પડી. દીવાલ પરના ઘડિયાળના ટકટક અવાજને એ ધ્યાન દઈને સાંભળવા લાગી. એ ટકટક અવાજને એણે કલ્પનામાં પૂરપાટ દોડ્યે જતી ગાડીના અવાજમાં બદલી નાખ્યો. એ ગાડીમાં બેસીને ભાગવા લાગી. દૂર, દૂર, દૂ...ર...દૂરના નશાથી એ ચકચૂર બની ગઈ, એની આંખો ઘેરાઈ ગઈ...

ત્યાં પણે ઓરડાના ખૂણામાં એ શું હતું? બહારથી ઊડી આવેલું ઝાડનું ખરેલું પાંદડું? પણ આ તો ચાલે છે... એની આંખો ક્યાં? ના, આ બારીના ફરફરતા પડદાનો પડછાયો જ લાગે છે... અરે, પણ આ તો નજીક આવે છે... ઊંધા પડી ગયેલા સાપના જેવું એ કેવું ધોળું ધોળું લાગે છે! એના મોઢામાંથી આ શું ટપકે છે? એને મોઢે વાળના કેવા ગુચ્છા છે! અરે, એને આંખ જ નથી લાગતી! એ ભરાઈ જવાને દર શોધે છે કે શું?... આ તો મારા પગ પર ચઢવા મથે છે.... ક્યાં ગઈ લાકડી... અરે, આ તો લાકડી પર ચઢ્યું... શું કરું? ચીસ પાડું? મોઢું ખોલીને ચીસ પાડું છું તોયે મારી ચીસ મને જ કેમ નથી સંભળાતી? બાપ રે, આ તો મોઢાને દર માનીને અંદર ભરાઈ ગયું! અંદર જઈને એણે તો ફૂલવા માંડ્યું, મારું પેટ પણ ફૂલવા માંડ્યું... એ બહાર આવવા મથે છે, મારા શરીરમાંથી બહાર આવવાનો એને રસ્તો જડતો નથી...શિરાએ શિરાને તોડીને એ બહાર મથે છે...એની આ છટપટ ને તડફડાટ નથી સહેવાતાં. કોઈ એને બહાર કાઢો... બહાર કાઢો...

શુક્લપક્ષની દશમીનો ચન્દ્ર આથમી ગયો હતો. વૃક્ષોમાંથી આછો મર્મર આવતો હતો. સચરાચરમાં કશાકનો હળવો ગુપ્ત સંચાર વરતાતો હતો. હવાના કવોષ્ણ સ્પર્શમાં એનો

ઇશારો હતો. રૂમા એ સુખદ સ્પર્શને આવકારતી અગાશીમાં ઊભી રહી, એ સ્પર્શ આડે એ કશોય અન્તરાય રાખવા માગતી નહોતી. પવન વધતાં સરી પડેલી સાડીને એણે શરીર પરથી પૂરેપૂરી સરી જવા દીધી. ઉદય નહીં પામેલા સૂર્યના આછા આભાસથી આકાશની કાન્તિ બદલાઈ હતી. આ નિરાવરણતાના પરમ મુહૂર્તે એ શરીરની નગ્નતાને પણ વધારાનું આવરણ ગણીને ઉતારી નાખવા ચાહતી હતી. એનું શરીર પેલી ઊંડી બખોલ જેવું જાણે હતું. એની અંદર ક્યાંક ક્યાંક પેલું સોનાનું ઈંડું હતું. પોતાની અંદરના એ સોનાના ઈંડામાં જ જાણે કોઈએ એને કેદ કરી દીધી હતી. એમાંથી એ આજે છૂટવા ઇચ્છતી હતી. આજે બની શકે તો એ પોતાના શરીરને બધે વિખેરી દેવા ઇચ્છતી હતી, જે ગાંઠ આજ સુધી છૂટતી નહોતી તેને એ આજે છેદી નાખવા તૈયાર હતી. સહસ્રબાહુ પવનના હાથમાં એણે પોતાની જાતને સોંપી દીધી. આછા તેજથી લપાયેલા અન્ધકારને એણે પોતાના રન્ધ્રેરન્ધ્રમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરી દીધો. આજે એ બધાથી ભેદાઈને છિન્ન થવા તત્પર હતી.

બાગને ખૂણે વાંસની ઝાડીમાં વાંસને અંકુર ફૂટવાનો અવાજ એણે સાંભળ્યો. અંકુરથી ભેદાયેલી ધરતીની વિહ્વળતાનો રોમાંચ એને સ્પર્શી ગયો. એ અધીરી બની. અશરીરી અન્ધકાર અને પવનના પરિરમ્ભણથી એને સન્તોષ થયો નહીં. એની કાયાના વિરાટ વિસ્તારો હજુ તો વણસ્પર્શ્યા રહી ગયા હતા. એ સૂર્યના ઉદયને ઝંખવા લાગી. શતલક્ષ વીર્યબિન્દુ જેવાં કિરણોને પોતાનામાં રેલાઈ જતાં અનુભવવાને એ અધીરી બની. સાગરની બાથમાં ભીડાઈને કચડાઈ જવાનું એને મન થયું. પોતાનામાં ક્યાંક ઊંડે ઊંડેથી કશીક સરવાણી ફૂટીને રેલાઈ જવાનો માર્ગ શોધવા લાગી.

પૂર્વમાં અરુણિમાનો આભાસ અંકાઈ ગયો. કોઈ નવોઢાના પિયળ કાઢેલા લલાટના જેવી પૂર્વ દિશાને એ ભારે લાલસાથી જોઈ રહી. એનાથી સહેવાયું નહીં. એણે આંખો બીડી દીધી, કાયાને અનાવૃત કરીને ઢાળી દીધી. કિરણના પ્રથમ સ્પર્શની પ્રતીક્ષાથી એની કાયા તસતસ થઈ ઊઠી… ને કિરણો પ્રગટ્યાં, વિસ્તર્યાં, એને સ્પર્શવા આગળ વધ્યાં. નાનું બાળક પડતું આખડતું ચાલે ને ચાલતાં ચાલતાં જે આધાર મળે તેને પકડી લેવા જાય તેમ એ કિરણો એને ઝાલી લેવા આગળ વધ્યાં, પણ એની નિકટ આવતાં જ એ દૂર સરી ગઈ. પવનની આછી લહર, પંખીનો ટહુકો, બહાર જાગેલા જીવનનો પ્રવાહ –

એ બધું એના ઉમ્બર આગળ ઊભા રહીને બારણું ઠેલવા લાગ્યું. એનેય બારણું ખોલીને આખા વિશ્વને પોતાનામાં સમાવી લેવાની ઇચ્છા થઈ, પણ કોઈકના શાપથી એ શિલાની જેમ પડી રહી. એના ઉમ્બરે માથું પટકીને બધું પાછું વળવા લાગ્યું. એને ધીમે ધીમે બધું પોતામાંથી ઓસરી જતું લાગ્યું. પથારીમાં પોતાના હાડપંજિરની જેમ એ પડી રહી.

# વર્તુળ

લાભશંકર એકાએક ઊભા રહી ગયા. એમણે કાન સરવા કર્યા. કોઈ એમની પાછળ પાછળ આવી રહ્યું હોય એવું એમને લાગ્યું. એઓ બબડ્યા: 'અરે, આ પગલાં તો જાણે ક્યાંક સાંભળ્યાં છે! કોનાં પગલાં?' પોતાને પ્રશ્ન પૂછીને એઓ ઘડીભર ચૂપ રહીને ઉત્તરની રાહ જોવા લાગ્યા. સહેજ સરખો પણ અવાજ થાય તો રખેને ભીરુ સંકોચશીલ ઉત્તર ભાગી જાય એ બીકે એમણે એમના શ્વાસને પણ લગભગ થંભાવી દીધો. એ નિસ્તબ્ધતામાં પેલાં પગલાં એમની વધુ ને વધુ નજીક આવતાં લાગ્યાં. એમના શરીરમાંથી ભયનો કમ્પ દોડી ગયો. એમણે આંખો બંધ કરી દીધી, ને ડાબે હાથે એમના કપાળ પરની રસોળીને પંપાળવા લાગ્યા. આ એમની પુરાણી ટેવ હતી. એમનાં વહુ ઘણી વાર એમને કહેતાં પણ ખરાં: 'તમે મને પરણ્યા જ શા સારું? મારાથી વધારે તો તમને આ રસોળી વહાલી છે. મને પંપાળતા નથી એટલું એને પંપાળો છો. એ જ તમારો કોટ કિલ્લો – કોઈ સહેજ સામું થાય કે એની અંદર ભરાઈ જાઓ છો. રસોળી પર હાથ મૂકો એટલે તમને જાણે કોઈ અડી શકે નહીં.' વાતેય સાચી! આજે એમનાં વહુ નથી; રસોળી છે. ચણા જેવડી હતી તે ખાસ્સી ગણપતિ ચોથના લાડુ જેવી થઈ છે. જિન્દગીમાં એમની સામે મોઢું ફાડીને જેટલા રાક્ષસો ઊભા તે બધાયને એમણે અહીં પૂરી દીધા છે. કોઈ નવા રાક્ષસે ફરી પીછો પકડ્યો છે કે શું એવી ભીતિથી એઓ ફરી પોતાના કિલ્લામાં સુરક્ષિત સ્થાને પહોંચી ગયા. એમને કપાળે પરસેવો વળ્યો. એ પરસેવાનાં થોડાંક ટીપાં રસોળીના ઢાળ પર થઈને આંખનાં પોપચાં પર ઊતર્યાં. એના પોચા ભીના સ્પર્શથી એમણે સફાળી આંખો ખોલી દીધી. આંસુ લૂછતા હોય તેમ આંખો લૂછી નાખી, પણ દૃષ્ટિનું ધૂંધળાપણું ગયું નહીં. પેલાં પગલાં સાંભળવાને એમણે ફરી કાન માંડ્યા. પોતાના હૃદયના ધબકારા

સિવાય એમને કશું સંભળાયું નહીં. 'તો આ પગલાંવાળી વાત સાવ ખોટી જ છે ને!' એવું એમના મનમાં થયું. પણ બીજી જ પળે એ પગલાં કોનાં હતાં, તે અણધાર્યાં જ પારખીને એઓ એકાએક બૂમ પાડી ઊઠ્યા: 'રમણ! રમણ!' ક્યાંયથી એમના અવાજનો પડઘો સરખો પડ્યો નહીં. એમની આંખો સામે વિસ્તરેલા ધૂંધળા મૃગજળમાં એક પરપોટો થઈને જાણે શમી ગયો. એમની પાછળ ક્યાંકથી કોઈનો નિ:શ્વાસ એમના ખભાને સ્પર્શી ગયો. થોડી વાર સુધી, એમ ને એમ, એઓ શૂન્યમાં તાકી રહ્યા. પછી બબડ્યા: 'રમણ, મને તેડવા આવ્યો છે? ક્યાં છે તારી મા? બકુલ ક્યાં છે?' મરી પરવારેલા બે દીકરા અને એમની માના ચહેરા પેલા મૃગજળમાં તરવરવા લાગ્યા, એ તરફ જવા એઓ ઊભા થયા, પણ એમનું શરીર એકાએક ભારે થઈને બેસી પડ્યું. એમની ખાંધે એકી સાથે ત્રણ ત્રણ જણનો ભાર ચંપાયો ન હોય! એમણે પોપચે બાઝેલાં પરસેવાનાં ટીપાં ફરીથી લૂછી નાખ્યાં, આંખો ચોળીને સાફ કરી, મૃગજળમાં દૂર એમને એક લાલ ટપકું દેખાયું. એમના જીવમાં જીવ આવ્યો: 'હાશ, હવે ઘર દૂર નથી એ લાલ ટપકું તે ટપાલનું ડબલું. ત્યાંથી વળીને દસ ડગલાં ચાલ્યાં એટલે ઘર! એમનું શરીર ત્યાં ઢગલો થઈને પડી રહ્યું. પણ એમનું મન તો ત્યાં જ પહોંચી ગયું: એ કાટ ખાઈ ગયેલું તાળું, તૂટેલા કાચવાળી બારી – કાંઈ કેટલાંય વરસોથી એનો કાચ તૂટેલો છે. ત્યારે એઓ તરતમાં જ પરણેલા. એક દિવસે સાંજે ઘરે પાછા ફર્યા ને એ કાચની બારીમાંથી જોયું તો એમની જ રાહ જોતી જોતી થાકીને સહેજ આંખ બીડીને એમની પત્ની બેસી રહેલી, સહેજ કૌતુક કરવા એમણે એક કાંકરો લઈને કાચ પર માર્યો. કાચ તૂટી ગયો. પત્ની ભડકીને ચીસ પાડી ઊઠી. એમને સામે ઊભેલા જોઈને બાઝી પડી. ભયે પ્રેરેલો ગાઢ આશ્લેષ બીજી જ ક્ષણે પ્રેમના પરિરમ્ભણમાં ફેરવાઈ ગયો. શરીર એની સ્મૃતિથી સહેજ સળવળ્યું, પણ પેલો ભાર રજમાત્ર ઓછો થયો નહોતો. કચવાતું મન પાછું ફર્યું.

એમના હાથમાં શાકભાજીની થેલી હતી. તાજાં શાકભાજીની વાસ એમને બહુ ગમતી. ખાવાપીવામાં લાભશંકર ભારે વરણાગિયા. વહુ બિચારી મરતાં સુધી એમને મનભાવતી રસોઈ શીખી શકી નહીં. સ્વજનો વિનાના સૂના ઘરમાં વઘારની નાકમાં સળવળી ઊઠતી તીવ્ર વાસ, એનો છમકાર, લીલા ધાણા ને લીલા લસણની ચટણીની વાસ – આ જાણે એમનાં સંગાથી બની ગયાં હતાં. બહુ એકલવાયું લાગે ત્યારે સ્ટવ સળગાવતાંની સાથે જ બધી ગમગીની ચાલી જાય. ખાવાનું ગમતું એટલા માટે નહીં પણ સ્વાદની સોબત

ખાતર એઓ જુદી જુદી વાની બનાવીને સ્વાદ ચાખતા. અડોશપડોશનાં છોકરાં ઘણી વાર વાસથી આકર્ષાઈને આવી ચઢતાં. લાભશંકર એમને રાજીખુશીથી ખવડાવતા. આજુબાજુથી બે ડોશીઓની પણ આવી વાસ આવતાં દાઢ સળકતી ને લાભશંકરનાં વખાણ કરીને લપકારા મારતી જીભે ભાવતાં ભોજન આરોગી જતી. લાભશંકરના સમવયસ્ક દલસુખરામ તો કહેતા પણ ખરા: 'લાભશંકર જમ પણ તમને લેવા આવશે ત્યારે તમારા હાથની રસોઈ આરોગ્યા પછી જ તમને લઈ જશે.' રસોઈની એકેએક ક્રિયામાં એમને રસ હતો. ચોખા ધોયેલા પાણીની વાસ, ચૂલાના સળગતા લાકડાનો ધુમાડો, તાજાં શાકભાજીની સોડમ, ગરમ ગરમ ભાતમાં નાખેલા ઘીની વાસ. એમની ઘ્રાણેન્દ્રિય જ કદાચ જીભના કરતાં સતેજ હતી. પોતાની જુવાન પત્નીના હાથના મસૃણ સ્પર્શથી આનન્દિત થઈને એમણે કહ્યું હતું: 'તું કૂણી કાકડી જેવી છે.'

એ બધું યાદ આવતાં લાભશંકર જમીન પર હાથ ટેકવીને ઊભા થયા, ત્યાં એમના હાથ પર કશુંક ચઢતું હોય એવું લાગ્યું. એમણે ધૂંધળી બની ગયેલી દૃષ્ટિને સહેજ ઠેરવીને જોયું તો મૂળાનાં પાંદડાંમાંથી એક મોટી લીલી ઇયળ એમના કોટની બાંયની અંદર સરી જતી દેખાઈ. એને ખંખેરી નાંખવા એમણે હાથ ઊંચો કરવા પ્રયત્ન કર્યો, પણ એમને ઊપજેલી જુગુપ્સા પ્રત્યે એમનો હાથ સાવ ઉદાસીન રહ્યો, એમનો હાથ જાણે એમના શાસનમાંથી સાવ મુક્ત બનીને વર્તવા લાગ્યો. પેલી ઇયળની જેમ જ પેટ પર ચાલીને એમણે આગળ વધવાનો પ્રયત્ન કર્યો. એમને લાગ્યું કે એઓ આગળ જઈ રહ્યા છે. એમની આસપાસનું બધું જ જાણે એમની સાથે પેટે ચાલવા માંડ્યું છે – આકાશમાંનો સૂરજ સુધ્ધાં, એમની રસોળીમાં પુરાઈ રહેલા પેલા રાક્ષસો સુધ્ધાં, બધું જ ચાલતું હતું, માટે કશું જ ચાલતું નહોતું. ટપાલની પેટીનું લાલ ટપકું હવે ક્યાંય દેખાતું નહોતું, ચારે બાજુના મૃગજળમાં કાચબાની જેમ બધું ચાલી રહ્યું હતું. ચારે બાજુના અવાજો પણ જાણે પેટે ચાલતા એમની સાથે આગળ વધી રહ્યા હતા. મૃગજળના ધસમસતા પ્રવાહથી એમના શરીરના કાંઠા ખોદાઈને જાણે ધસી પડતા હતા. એનાં ચોસલાં ને ચોસલાં પોતાનાથી છૂટા પડીને ઘડીક મૃગજળમાં ઘૂમરી ખાઈ તળિયે બેસી જતાં હતાં. આથી ગભરાઈને લાભશંકર પોતાના કપાળ પરની રસોળીના ખડકને બાઝી પડ્યા હતા. રસોળીની અંદર પૂરેલા રાક્ષસોની આખી સેનાને એમણે આ મૃગજળના ઊભરાયેલા ઘોડાપૂરને ખાળવા ખડી કરી દીધી હતી. આજુબાજુના નાના અવાજો હાથ પર ચઢતી

પેલી ઇયળની જેમ એમના શરીર પર ચારે બાજુથી ચઢવા મથી રહ્યા હતા. એમના અનેક નાના નાના પગ એમના શરીર પર ભયના માર્યા સળવળ કરતા. એ અવાજોને એમણે છૂટા પાડીને ઓળખવાનો પ્રયત્ન કર્યો. કેટલાક અવાજોની તો બિચારાની આંખ સુધ્ધાં ખૂલી નહોતી. આંગળીને ટેરવે એમને ઉપર લઈ લેવા એઓ મથ્યા. કેટલાક અવાજનું દાંત વગરનું બોખું મોઢું કશોક અસ્પષ્ટ ઉદ્‌ગાર કાઢતું હતું, ને પછી મોંની દાબડીને ફટાક દઈને વાસી દઈ સ્થિર આંખે એ અવાજો એમની સામે તાકી રહેતા હતા. બાળપણમાં એમણે પગમાં પહેરેલાં ઝાંઝરનો અવાજ, દાદાએ ગાલમાં થડ દઈને લગાવી દીધેલા તમાચાનો અવાજ, દોસ્તો પાસેથી પહેલી વાર ગંદી ગાળ શીખીને ખાનગીમાં એને બોલી જોઈ હતી તેનો અવાજ, નિશાળમાંથી છૂટેલાં છોકરીઓનાં ટોળાંને ગભરાવી મૂકવા પોતે કાઢેલો વાઘનો અવાજ, પેલી રમુડીના પાછળથી કાન આમળતાં એણે પાડેલી ચીસનો અવાજ, પોતાની ઘાંટી ફૂટતા ઘોઘરો થયેલો, પોતાનો જ છતાં બીજાનો લાગતો અવાજ, કશા કારણ વિના એક નિસ્તબ્ધ બપોરે નિર્જન ઘરમાં, કોણ જાણે કોને માટે, હિઝરાઈને ભરેલાં હીબકાંનો અવાજ, દાદાની ભડભડ બળતી ચિતાનો અવાજ, વિધવા થયેલી ફોઈનાં તૂટતાં કંકણનો અવાજ, અંધારામાં એકાએક પાછળથી ફૂટી નીકળીને કાનમાં પ્રેમનો પહેલો મન્ત્ર ફૂંકી જનારો પેલી કિશોરીનો અવાજ, સૂના ઘરમાં તાવની અસ્વસ્થતાભરી ગરમીથી એકલા એકલા કરેલા પ્રલાપનો અવાજ, શ્રાવણની એ સાંજે શરીરની શિરાએ શિરાએ ગૂઢફણા સહસ્ર સર્પો સફાળા જાગી ઊઠ્યા તેના ફૂંફાડાનો અવાજ, ચોર પગે પાંચ પાંચ વરસ સુધી ઘરમાં છાયાની જેમ ફરતા ધૂર્ત મૃત્યુનો અવાજ, લાજાહોમના ધુમાડાથી રાતી સજળ બનેલી વિવશ આંખોનો અવાજ; ખભે ઢળેલા અજાણ્યા ભારથી ચીંચવાતાં હાડકાંનો અવાજ; મધરાતે એકાએક પોતાના આગમનની જાણ કરતાં પ્રથમ પુત્રના રડવાનો અવાજ; મોડી રાત સુધી પોતે વાંચતા બેસી રહેલા ત્યારે પાછળથી દીવો હોલવી નાખવાને એમની વહુએ મારેલી ઝાપટનો અવાજ; નિસ્તબ્ધ નિદ્રાહીણી રાતે છાતી પર ખડકાયે જતા અજાણ્યા ભારનો અવાજ; પ્રથમ પુત્રને ચોરની જેમ લઈને ભાગી જતા મરણની પાછળ દોડતી માતાની ચીસનો અવાજ; અંધારી રાતે કપાળ પરની રસોળીના વધ્યે જવાનો અવાજ; બીજા દીકરાની દસ આંગળીઓ છેલ્લી પળે પોતાના હાથને સુકાયેલા ઝાડનાં મૂળિયાંની જેમ બાઝી પડી તેનો અવાજ; સૂના ઘરમાં પોતાની સાથે પ્રવેશતા વિધુર પવનનો અવાજ; દીવો પ્રકટાવ્યા વિનાની સાંજે પોતાની આંગળીઓ વચ્ચેથી સર્યે જતા રુદ્રાક્ષના

મણકાઓનો અવાજ; કોઈ રાતે સફાળા જાગી ઊઠીને જોયેલા દીવાલ પર નાચી રહેલા દીવાની જ્યોતિના પડછાયાઓનો અવાજ; ઘરમાં બેઠેલા મૌનના શ્વાસોચ્છ્વાસનો અવાજ; પોતાની સાથે દૃષ્ટોદૃષ્ટ મેળવીને રાતભર બેસી રહેનાર દુ:ખના શ્વાસોચ્છ્વાસનો અવાજ; નમતી સાંજે બંધ બારણાની તરડમાંથી અંદર સરી આવવા મથતા મરણનો અવાજ; સાંજ વેળાએ દીવો પ્રકટાવતાં દીવાલ પરની છબિઓના એકાએક સળગી ઊઠતા ચહેરાઓનો આછોતરો સિસકાર, વહેલી સવારે બંધ બારણા સાથે માથું પછાડીને નાસી છૂટવા મથતા કોઈ પ્રેતના મૂક નિઃશ્વાસનો અવાજ; અન્ધકારમાં સૂર્યને કાલવવાનો અવાજ; અન્ધકારનાં જળમાં ડૂબીને તરી નીકળેલા ઊબઈ ઊઠેલા શબ જેવા ચન્દ્રનો તણાયે જવાનો એકધારો અવાજ; આ બધા અવાજને તરાપ મારીને પોતાના પંજામાં ઝડપી લેવાને પેંતરા ભરતા કોઈ વિકરાળ પશુનો અવાજ – લાભશંકર આ બધા અવાજોના ગૂંછળાને ચારેબાજુથી ઊભરાઈ ઊભરાઈને પોતાની આજુબાજુ વીંટળાતાં જોઈ રહ્યા. જૂના ખણ્ડેરને બાઝી વળતી લીલની જેમ એ અવાજો એમના ઉપર એમના નાના નાના પગ ભરાવીને બાઝ્યે જ ગયા ને પેલી લીલી ઇયળ મૂળાનું પાંદડું કોરે તેમ અણુએ અણુમાં ભરાઈને બધું કોરવા લાગ્યા. એમણે ફરી વાર એ બધા અવાજોને ખંખેરી નાખવાનો પ્રયત્ન કર્યો. બળી ગયેલી ધૂપસળી પરથી રાખ ખંખેરાઈ પડે તેમ જાણે એઓ પોતે પોતા ઉપરથી જ ખંખેરાઈ પડ્યા. એમણે પોતાને ફંફોસી જોયા, રાખના ઢગલા જેવી રસોળીની અંદર કજળી જવા આવેલા અંગારાની જેમ પોતે સંતાઈ જવા મથ્યા. પોતાના જ ઉચ્છ્વાસથી કે પછી ચારેબાજુ ચાલી રહેલી પેલી અવાજોની ગુસપુસનાં હવામાં પ્રસરતાં આન્દોલનોના થડકારથી પોતાના પર વળેલી એ રાખ પણ હમણાં ઊડી જશે ને પોતે સાવ ઉઘાડા પડી જશે એવી ભીતિ એમને લાગવા માંડી. એમણે સંતાવાને ઓથ શોધવા માંડી. પોતાની વહુના કપાળમાંના સૌભાગ્યતિલકની પાછળ સંતાઈ શકાતું હોય તો? ઘરના છાપરાની વળીઓમાં પેઢી દર પેઢીથી વસેલા અન્ધકારના કુટુમ્બ વચ્ચે લપાઈ જવાતું હોય તો? બંધ થતા તાળાની અંદર વસાઈને રહેવાનું હોય તો? કે પછી ફરીથી કોઈ ગર્ભમાં પુરાઈને સંતાઈ જવાતું હોય તો?

લાભશંકર ક્ષણે ક્ષણે પોતાની ખુલ્લી પડતી જાતને સંતાડવા મથવા લાગ્યા. ધરતીની અંદર પોઢેલાં બીજનાં દ્વાર એઓ ઠેલી આવ્યા, ફૂટતી કૂંપળના વળાંકની ઓથે એઓ છૂપાવા મથ્યા, યુદ્ધક્ષેત્રની વચ્ચે છૂટતી ગોળીઓની સાથે ભળી જઈને કોઈના અસ્થિના

મર્મની અંદર સંતાઈ જવાનો પણ એમણે પ્રયત્ન કર્યો, સૂરજના દૂઝતા રાતા વ્રણની અંદર કીડાની જેમ એઓ ભરાઈ જવા મથ્યા, છેદાઈ ગયેલા મસ્તકવાળા કાળના કબંધમાં પેસી જવાનો રસ્તો પણ એઓ ખોળી વળ્યા, આખરે પોતે પોતાને જ, પેલી ઇયળની જેમ, કોરીને અંદર ને અંદર ઊંડે ઊતરીને સંતાવાનું સ્થાન શોધવા લાગ્યા. ઊંડે ને ઊંડે ઊતરતાં જુગ પછી જુગ એમણે કોરી નાખ્યા, કોરાઈ ચૂકેલા ઈશ્વરનું પડી રહેલું ખોખું ઓઢીને એમણે લપાઈ જવાનો પ્રયત્ન કર્યો, પણ એ ખોખું તો અડતાંની સાથે જ ભાંગી પડ્યું. આખરે સંતાવાનો લોભ છોડીને, શૂન્યની સામે હામ ભીડીને ઊભા રહી પછડાવાનો એમણે સંકલ્પ કર્યો ને શૂન્ય અવકાશમાં પોતાની જાતને વીંઝી. વીંઝાતાની સાથે તણખો ખર્યો, અગ્નિ પ્રકટ્યો, નક્ષત્રો ઝબૂકી ઊઠ્યાં. સૂર્યે આંખ ખોલી, ચન્દ્રે શ્વાસ લીધો, સાગરમાં ભરતી આવી, પવન સળવળ્યો, અરણ્ય જાગ્યું, પંખી ટહુક્યાં, બાળક મલક્યાં.

# પદભ્રષ્ટ

લાભશંકર ખૂબ થાકી ગયા હતા. આમ ને આમ પોતે ક્યારના ઊભા હતા તેની પણ સુધ નહોતી. એમણે આંખ આગળ હાથનું નેજું કરીને આજુબાજુમાં નજર કરી. થોડેક જ છેટે ખુરશી દેખાઈ. ખુરશી પાસે જ હોવા છતાં પોતે અત્યાર સુધી કેમ ઊભા રહ્યા હશે! એમણે ખુરશી તરફ ફરી એક વાર જોયું ને ખાતરી કરી લીધી કે એ ખરેખર ત્યાં છે તો ખરી ને! આજુબાજુના પડછાયાઓ વચ્ચેની એની આકૃતિને ઉપસાવવામાં આંખને જહેમત પડતી હતી ખરી, પણ તેથી કાંઈ એ ખુરશી છે જ નહીં એમ થોડું જ કહી દેવાય? એઓ ખુરશી તરફ આગળ વધ્યા. હવે તો ખુરશી સ્પષ્ટ જોઈ શકાતી હતી. કેટલાંય વર્ષથી એ ખુરશી પર પોતે બેસતા આવ્યા છે! પરણ્યા પછીને બીજે જ વર્ષે એમનાં વહુ પાર્વતીના ખાસ આગ્રહથી આ ખુરશી એમને ખરીદવી પડેલી. ગાદીતકિયો છોડીને ખુરશીટેબલ સ્વીકાર્યાં. આથી જાણે એમનો દરજ્જો ઊંચો આવ્યો. સાંજે કચેરીએથી પોતે પાછા ફરે ત્યારે આખા દિવસના થાક્યાપાક્યા એ ખુરશી પર ફસડાઈ પડે, ને ત્યારે જ પાર્વતી પાછળથી આવીને બે હાથની માળા પહેરાવીને એના ઉષ્ણ ઉચ્છ્વાસથી લોહીમાં અજાણી ચંચળતાનો સંચાર કરી દે; એમના હોઠ પર ગુલાબની પાંખડીના જેટલો હળવો દાબ વરતાય, હોઠ પરની ભીનાશને પોતાના જ ઉત્તપ્ત ઉચ્છ્વાસથી ઊડી જતી અટકાવવાની એમને ઇચ્છા થઈ આવે ને સાંજના ઓસરતા અજવાળામાં માયાવિનીની જેમ ફરતી પોતાની પત્નીની આકૃતિની પાછળ એમનું મન રઝળતું થઈ જાય.....

આટલી નજીક લાગતી ખુરશી સુધી એઓ પહોંચી શક્યા નો'તા એનું ભાન થતાં એમને

ફરી સંદેહ થયો. આ તે ખુરશી છે કે ખુરશીની ભ્રાન્તિ? હમણાં હમણાંનો એમની આંખ પરથી એમનો વિશ્વાસ ઓછો થતો જતો હતો. જે ન હોય તે એ દેખાડતી હતી ને જે હોય તેને એ સંતાડતી હતી. આથી જાણે ઝીણા નાકાની સોયમાં દોરો પરોવતા હોય તેમ એમણે નજરને કેન્દ્રિત કરીને ફરી જોયું. ના, ભ્રાન્તિ નથી. ખુરશી છે તો ખરી જ, પણ ધારી હતી એટલી નજીક નથી. એના હાથાના સાંધા આગળની પેલી ઊપસી આવેલી ખીલી હજી દેખી શકાતી નથી. એની પીઠ પરના માથા આગળના ભાગ પર પડેલાં તેલનાં ધાબાં હજી દેખાતાં નહોતાં, પણ ખુરશી છે એટલું તો નક્કી, આ નિશ્ચિતતાને મનમાં ને મનમાં વળ ચઢાવતાં એઓ આગળ વધ્યા, એઓ એકલા જ ચાલતા હતા છતાં સૂનકારમાં એમનાં પડતાં પગલાંનો પડઘો સંભળાતાં જાણે બીજું કોઈ પણ એમની સાથે એ ખુરશી તરફ આગળ વધી રહ્યું હોય એવું એમને લાગ્યું. એમને થયું: મારા કરતાં એ વહેલો પહોંચીને ખુરશી પચાવી તો નહીં પાડે ને? પોતાના મનની આ ભીતિનું જ એમને અચરજ થયું.

હવે પેલી ઊપસી આવેલી ખીલી દેખાવા લાગી. એ ખીલીએ ઘણી વાર કપડાં ફાડ્યાં હતાં. જેટલી વાર એને ઠોકીને બેસાડવાનો પ્રયત્ન કર્યો તેટલી વાર એ નિષ્ફળ જ ગયો હતો. પાર્વતીના ગયા પછી તો એ ખીલીને ઠોકીને બેસાડવાનું પણ એમણે છોડી દીધું હતું. હવે તો જ્યારે જ્યારે એઓ ખુરશી પર બેસતા ત્યારે એના પર, એમના તરતના ચાલવા શીખેલા દીકરાની નાની નાની પગલી, એમને ચીઢવવાને ખુરશી પર કૃત્રિમ રોષથી મોં ચઢાવીને બેસી રહેલી પાર્વતીની માંડ હસવું ખાળી રાખતી મુખાકૃતિ એમને દેખાતી. થોડી વાર એઓ ખુરશી પાસે જઈને ઊભા રહી જતા. પોતાની એકલતાની નવેસરથી ખાતરી કરી લેતા. પછીથી જ એ ખુરશી પર બેસતા.

આ ટેવના બળે કરીને લાભશંકર ખુરશી પાસે જઈને સહેજ ઊભા રહી ગયા. ખુરશીના હાથા પર હાથ મૂકીને એમણે સામેના પાતળા અન્ધકાર તરફ નજર કરી. એ અન્ધકાર જાણે કોઈ થિયેટરની અંદરના અન્ધકાર જેવો લાગ્યો. એ અન્ધકારની અંદર એમના તરફ મીટ માંડીને કાંઈ કેટલાય લોકો બેઠા હતા. ભારે પ્રકાશવાળા દીવાના તેજના વર્તુળની અંદર પોતે પુરાઈ ગયા હોય એવું એમને લાગ્યું. અન્ધકારમાં બેઠેલા લોકોની આંખો એમના તરફ આતુરતાથી મંડાઈ રહી હતી. એ લોકો એમની તરફ શા માટે તાકી

રહ્યા હતા? એમની આંખમાં રોષ હશે કે આદર? ઘડીભર એમને પોતાને વિશે જ શંકા ઉદ્‌ભવી. રંગમંચ ઉપર ઊભા રહેવાનું તો એમણે સમણું સુધ્ધાં જોયું નહોતું. પાર્વતી ઘણી વાર કહેતી: 'મારી આગળ ભાગવત વાંચો છો ને સમજાવો છો ત્યારે એમ થાય છે કે જાણે સાંભળ્યા જ કરું. જાણે અમૃત ટપક્યે જાય છે. કોઈ વાર સભામાં આવું બોલતા હો તો?' એમને કશુંક બોલવાનું મન થઈ આવ્યું. એઓ શબ્દ ફંફોસવા લાગ્યા. વરસોનાં બાંધેલાં જાળાંમાં જન્તુઓનાં ખોખાં પડી રહ્યાં હોય એવા શબ્દો અહીંતહીં બાઝેલા દેખાયા. પોતાના તરફ મીટ માંડીને બેઠેલા શ્રોતાઓની અપેક્ષાના વધતા જતા ભારથી એઓ અકળાવા લાગ્યા. ગમે તેમ કરીને તેજના વર્તુળની કેદમાંથી છટકીને, સામેના લોકસમૂહ તરફ પીઠ કરીને ભાગી જવાનું સાહસ કરવાનું એમને મન થયું. એઓ સહેજ પગ ઉપાડીને ફરવા ગયા ત્યાં સામેનો અન્ધકાર સળવળી ઊઠ્યો. ચારે બાજુથી ઘેરાઈ ગયેલા વન્ય પશુની જેમ એઓ ઊભા રહી ગયા. એમણે ચોરીછૂપીથી ખુરશી તરફ નજર કરી. પડછાયાઓની વચ્ચે ખુરશી જાણે સાવ બદલાઈ ગઈ હતી. પેલી ઊપસી આવેલી ખીલીના પ્રલમ્બ પડછાયાની અણી એમના સુધી ધસી આવીને એમને શૂળી પર ભેળવી દેવા ઇચ્છતી હોય એવું એમને લાગ્યું. 'હં, તો આ બધાં હું શૂળી પર ચઢું તે જોવા એકઠા થયાં છે!' એમના મનમાં ઓચિંતાનો ઝબકારો થયો. ચારે બાજુથી અટ્ટહાસ્યનું પ્રચણ્ડ મોજું એમને ઘેરી વળતું હોય એવું એમને લાગ્યું. એમણે આંખો બંધ કરી દીધી. એમના પગ ડગમગવા લાગ્યા. એમના હાથ આધાર શોધતા લંબાયા. એકસાથે કાંઈ કેટલાય હાથ એમના હાથને બાઝી પડ્યા. એ બધા હાથના ભારથી ખેંચાઈને એઓ ક્યાંક નીચે ને નીચે સરતા ચાલ્યા. એમની બંધ કરેલી આંખો સામે પેલી ખુરશી આછી ને આછી થઈને આખરે ટપકું બનીને અદૃશ્ય થઈ જવાની અણી પર હતી ત્યાં એમણે બધું બળ એકઠું કરીને એ ટપકાને ઝાલી રાખવાનો પ્રયત્ન કર્યો ને આંખો ખોલી નાખી. જોયું તો એઓ ખુરશીની પાસે ઊભા હતા. ખુરશીના હાથા પર એમનો હાથ હતો. સામેનો અન્ધકાર નિશ્ચક્ષુ બની ગયો હતો. આથી આશ્વસ્ત બનીને એઓ ખુરશી પર બેસવા ગયા. બેસવાની અણી પર હતા ત્યાં જ એમણે જોયું કે ખુરશી પર કોઈક હોય એવું એમને લાગ્યું. પારકી જગ્યા ચોરીછૂપીથી પડાવી લેવાનો ગુનો કરતાં પકડાઈ ગયા હોય તેમ લાભશંકર નજર નીચી કરીને ઊભા રહી ગયા ને ઠપકાની રાહ જોવા લાગ્યા. ઘણી ક્ષણો વીત્યા છતાં એમને કાને કશું પડ્યું નહીં, આથી એમણે નજર ઊંચે કરીને જોયું તો ખુરશી પર માત્ર પડછાયાઓની જાળ ગૂંથાઈને

પડી હતી. થાકના માર્યા એમણે ખુરશી પર બેસવાને એક ડગલું આગળ ભર્યું અને આખરે હિંમત કરીને ખુરશી પર બેઠા પણ ખરા. બેઠા પછી એમણે કંઈક આત્મવિશ્વાસ પ્રાપ્ત કર્યો હોય એવું એમને લાગ્યું. એના બળથી એમણે આજુબાજુ નજર કરી, જોયું તો પોતે ખુરશીના એક સાવ નજીવા અંશ પર હતા ને ખુરશીની ખાલી વિશાળતામાં એક બુદ્‌બુદ જેવા તરી રહ્યા હતા. વિશાળતાના પોલાણની અડોઅડ પોતાની જાતને મુકાયેલી જોઈને વળી એઓ ધ્રૂજી ઊઠ્યા. હાથ પસારીને એઓ એમના મૃત દીકરાની પગલીઓને ફંફોળવા લાગ્યા, પાર્વતીના મીંઢળ બાંધેલા હાથને શોધવા લાગ્યા. એમના એ શોધતા હાથ દૂર ને દૂર લંબાતા ગયા. ઉત્તર ધ્રુવના હિમપર્વતોને ભેદીને એ હાથ વિરાટ શૂન્યની પ્રદક્ષિણા ફરવા લાગ્યા. એમણે એ હાથને પાછો ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો. એમ કરવા જતાં પોતે જ ખેંચાઈને ક્યાંક ફેંકાઈ ન જતા હોય એવું એમને લાગ્યું. ખેંચાઈ જતી પોતાની જાતને બચાવી લેવા માટે પોતાનામાં કશુંક વજન ઉપજાવવાની એમને જરૂર લાગી. એઓ અનેક લાભશંકરોની થપ્પી ખડક્યે ગયા, ખડક્યે જ ગયા. એમ છતાં જોઈએ તેટલું વજન એઓ એકઠું કરી ન શક્યા ને આખરે તણાવા લાગ્યા. એમણે ચારેબાજુ ઝાવાં માર્યાં. પોતાના દીકરાના તૂટેલા રમકડાના ઘોડાનો પગ એમને હાથે ચડ્યો, એ તૂટેલા પગને એમણે ચાબૂક ફટકારીને દોડાવ્યો; વેણુવન, પલાશવન, નીમવન, શાલવન – કાંઈ કેટલાંય વનને વીંધીને એ દોડ્યો. એના ડાબલાના પડઘાથી શેષનાગ જાગી ઊઠ્યા ને ફૂંફાડો મારીને માથું ઊંચક્યું. લાભશંકર ક્યાંના ક્યાં ફેંકાઈ ગયા. પોતાની જાતને ફરીથી સરખી ગોઠવવા બેઠા ત્યારે જોયું તો પોતાને શરીરે ઉંદરની રુવાંટી હતી, ચહેરા પર સાપની આંખ હતી, ઝરખની કેડ હતી, ઘુવડના નખ હતા, માત્ર શિશ્ન જ પુરુષનું હતું. એટલા માત્ર અવશેષને આધારે એઓ ટકી રહ્યા, ત્યાં શિશ્નમાં પુરાયેલા સૂરજચાંદો સળવળ્યા. એઓ બહાર નીકળ્યા. આકાશ એમને શોધતું આવ્યું, ચન્દ્રને જોઈને સાગર ઊછળતો આવ્યો, ભરતીઓટનો ધબકાર થયો, નાડી ને નક્ષત્ર ધબક્યાં, હૃદય ધબક્યું, શિરાઓમાં લોહી ફરતું થયું, નદીઓ સમુદ્ર તરફ વહેવા લાગી, પવન વાવા લાગ્યો, તેજછાયા સંતાકૂકડી રમવા લાગ્યાં, વનની કુંજે કુંજે વાંસળી વાગી, રાસ ચગ્યા, રાસ ઝીલનારી યુવતીઓનાં વૃન્દની વચ્ચેથી એક યુવતી એમની દૃષ્ટિ સમક્ષ તરવરી રહી, એ એમની નજીક ને નજીક આવતી ગઈ. છેક પાસે આવી ત્યારે જોયું તો એની આંખો લાજાહોમના ધુમાડાથી રાતી હતી, એને કપાળે પિયળ હતી, હાથે મીંઢળ – લાભશંકરે એનો હાથ ઝાલી લીધો, શરણાઈ બજી ઊઠી, વાસરકક્ષની

પુષ્પશય્યા મઘમઘી ઊઠી, તુલસીનાં કૂંડા આગળ નાનો શો ઘીનો દીવો પ્રકટ્યો, એ તેજથી ઘરને ટોડલે બેઠેલા ગણેશ હસ્યા, લાભશુભની કંકુથાપ ઊપસી આવી, બારણાં ખૂલ્યાં, ઉમ્બર ઓળંગ્યો; કંકણ-રણકતાં હાથે આંખ દાબી દીધી, ચાર હોઠે મળીને અમૃતકુપ્પી છલકાવી, દન્તહીણા શિશુમુખેથી એ અમૃતના સીકરો ઊડ્યા-પા પા પગલી પડી, એ પગલીએ પગલીએ કાળની પગલી ભુંસાઈ ગઈ, ટચૂકડા પગમાં જોર આવ્યું, એણે ઉમ્બર ઓળંગ્યો, ઓટલો ઓળંગ્યો, એ પગ ખુરશી પર ચઢ્યા, લાભશંકર અધીરા બનીને દોડ્યા, ખુરશી ઝાલી લીધી, શિશુને ખોળે લઈને ખુરશીમાં બેઠા, શિશુ ખભે ચઢ્યું. લાભશંકર આગળ ચાલ્યા. શિશુને અગ્નિએ ખોળે લીધું. લાભશંકરને ખાલી ખભાને ઉપાડવાનો થાક લાગ્યો. નાના શિશુની જેમ એમને કોઈને ખભે ચઢવાનું મન થયું, એમણે આજુબાજુ દૃષ્ટિ ફેરવી. ક્યાંય કશો આધાર જોયો નહિ, આખરે ફસડાઈને એઓ ખુરશી પર બેસી પડ્યા.

# વીરાંગના

પાંચ ને પાંત્રીસે એ ઓફિસેથી છૂટે છે. છ પચ્ચીસ અને છ ચાળીસની વચ્ચે એ ઘેર આવે છે. ઉમ્બર આગળ ઊભી રહીને બટન દબાવે છે, અંદર ઘંટડી વાગે છે. બારણું ખૂલે છે. બેઠકના ઓરડામાંની રોકિંગ ચૅર હાલવાનો અવાજ સંભળાય છે. એ અંદર જાય છે. રોકિંગ ચૅરમાં બેઠેલી એની મા એની તરફ બે આંખો માંડીને જોઈ રહે છે. એ આંખો એની તરફ મંડાયેલી રહે છે ત્યાં સુધી એ ખસી શકતી નથી. એ આંખો એનાં ચોત્રીસ વર્ષોને એક પછી એક ઉકેલીને તપાસી લે છે. જન્મ વખતે એ હતી તેવી સાવ નવસ્ત્રી કરી નાખે છે. એનાં અંગેઅંગ છૂટાં કરીને ક્યાંય ખૂણેખાંચરે કશું સંતાઈને આવ્યું તો નથી ને તે જોઈ લે છે. પછી નવેસરથી, એક વાર ગર્ભમાં ગોઠવ્યાં હતાં તેમ, બધાં અંગો ગોઠવી દે છે. આ પ્રવૃત્તિના થાકથી આખરે પાંપણો નીચી નમી જાય છે. રૂંધેલો શ્વાસ મુક્ત થાય છે. તપાસ પૂરી થયાની એ નિશાની છે. પછી એ બેઠકના ઓરડાની સરહદ ઓળંગવાનો પરવાનો પામીને પોતાના ઓરડામાં જાય છે. જઈને સીધી દર્પણ સામે ઊભી રહી જાય છે. અહીં બીજી તપાસ શરૂ થાય છે. ચોત્રીસ વર્ષના ચોત્રીસ બુરજવાળો કિલ્લો સહીસલામત છે કે નહીં, એના કોટના કાંગરાની કાંકરી સરખી ખરી છે કે નહીં તે એ જોઈ લે છે. ખૂનખાર જંગ જામ્યો હોય, દુશ્મનો ઘેરો ઘાલીને પડ્યા હોય, દારૂગોળો ખૂટવા આવ્યો હોય ત્યારે દુશ્મનોને થાપ આપીને છટકી જવાને ખોદી રાખેલી સુરંગ કોઈએ પૂરી તો નથી દીધી ને એની પણ એ તપાસ કરી લે છે. એ સુરંગના બીજા છેડા સુધી એ હજુ સુધી કોઈ વાર ગઈ નથી. એટલી હિંમત એ એકઠી કરી શકી નથી – કદાચ ત્યાં કોઈ બુકાની બાંધેલો ઘોડેસ્વાર બીજો ઘોડો પલાણીને તૈયાર રાખીને

ઊભો હોય, બીજો ઘોડોય શા માટે, એ જ ઘોડા પર એને ઉપાડી લઈ જવાને અધીર બનીને ઊભો હોય. પૃથ્વીરાજ જેમ સંયુક્તાને...

બેઠકના ઓરડામાંથી માએ બૂમ પાડી: ‘સંયુક્તા!’ કાંટાળા તારની અંદર પૂરી રાખેલા કેદીઓ પર પળેપળે ચકરાવા લેતી ફ્લૅશલાઇટની જેમ એ બૂમ એની ચારે બાજુ ફરી વળી, એ ધ્રૂજી ઊઠી. બારણું ખોલીને બહાર ગઈ. માએ નજર ઊંચી કર્યા વિના જ કહ્યું, ‘હાથ મોં ધોઈને જલદી તૈયાર થઈ જા. સાત વાગે બિપિનચન્દ્ર આવવાના છે.’

બિપિનચન્દ્ર કોણ તે એણે પૂછ્યું નહીં. આ પહેલાંય કાન્તિલાલ, જશુભાઈ, પ્રફુલ્લચન્દ્ર, રમણભાઈ કોણ છે તે વિશે એણે પૂછ્યું નહોતું. ઘડીભર એની માના સંધિવાથી અક્કડ થઈ ગયેલાં અંગોનો ભાર એના પર તોળાઈ રહ્યો. એ ચાલી ગઈ. જો સહેજ જ વિલમ્બ કર્યો હોત તો, ઉપરથી એકાએક તૂટી પડતા હિમખણ્ડની જેમ એ ભાર એના પર તૂટી પડ્યો હોત, કદાચ એ કચડાઈ ગઈ હોત.

એ ફરી પોતાના ઓરડામાં દાખલ થઈ. એના કિલ્લાના ચોત્રીસ બુરજો પર પતાકા ફરકાવી દીધી. એ સજ્જ થવા લાગી. એક પછી એક વસ્ત્ર એ ઉતારવા લાગી. નમી ગયેલા એના ખભા, હાંસડી આગળનો ખાડો – એ બોલી ઊઠી: ‘અલ્યા હેમન્ત, ચૌદ વરસનો થયો તોય તારે મારા ખભેથી ઊતરવું જ નથી, ખરું ને? એવું ક્યાં સુધી ચાલશે? તારી ઉંમરના બીજા તો નિશાળે જાય છે, ક્રિકેટ રમે છે, મા અધીરી બનીને રડું રડું થઈ જાય ત્યારે ઘેર આવે છે, ને તું! તું તો મારે ખભેથી નીચે જ નથી ઊતરતો. પછી બધા તને ચીઢવશે: તારી મા ખૂંધી, તારી મા ખૂંધી!’ એની સાડી વધુ નીચે સરી પડી. એણે પોતાનાં બે સ્તનને શોધ્યાં. ક્યાં હતાં એ? એને એની માના ચરબીથી ઝૂલી પડતાં સ્તન યાદ આવ્યા. મા બેઠી બેઠી બધું શોષી લે છે. હું એનું ભક્ષ્ય છું – એની લાળમાં લપેટાઈને રહું છું. એણે વક્ષ:સ્થળ પર હાથ ફેરવ્યો. બે ડીંટડીઓ એની કોમળ હથેળીમાં પેસી ગઈ. એણે હાથ પાછો ખેંચી લીધો. એને કિલ્લાનો દરવાજો યાદ આવ્યો. એ દરવાજાની બહારની બાજુએ કેવા અણીદાર ખીલાઓ હોય છે! દુશ્મનોના હાથી-ઊંટ એના પર ધસારો કરે છે ત્યારે એ અણીદાર ખીલા ભોંકાવાથી કેવા તો લોહીલુહાણ થઈ જાય છે, ને ફરીથી એણે સ્તનાગ્રની કઠોર તીક્ષ્ણતાને પોતાની કોમળ હથેળી પર કસી જોઈ, ને એ હસી.

માની તીક્ષ્ણ દૃષ્ટિની સરાણે ચઢીને ધારદાર બનેલાં હાડકાં પર ચપોચપ સીવી લીધેલો એનો ચહેરો એ દર્પણમાં જોઈ રહી. ઉપરના દાંતથી એણે નીચલો હોઠ દબાવ્યો. પછી હોઠને એકાએક મુક્ત કરીને છણકો કરતી બોલી ઊઠી: ‘એવા છો ને તમે તો! લાવો જોઉં, હું તમારો હોઠ કરડું. શું કહ્યું? દોસ્તારો વાત કળી જશે. મશ્કરી કરશે. તો છો ને કરતા. મારી સહિયરોય મારી મશ્કરી નહીં કરતી હોય? ઓહો! કેમ મોઢું ફેરવી લીધું? રિસાઈ ગયા? વારુ, એવું નહીં કરું, બસ.’ ને એણે ફરીથી ઉપલા દાંતથી નીચલો હોઠ દબાવ્યો. જોરથી કચડાઈ જવાથી એ સિસકારો કરી ઊઠી ને એ પોતાની એ મુદ્રા દર્પણમાં દેખાઈ જતાં એણે મોઢું ફેરવી લીધું.

એ મોઢું ધોવા બાથરૂમમાં ગઈ. એણે પાણીથી મોઢું ધોવાનો નહિ પણ ચહેરાને ભૂંસી નાખવાનો પ્રયત્ન કર્યો. આંખની બે ભમરને સાંધતી રુવાંટી, હોઠ પરની રુવાંટી, ચિબુકની અણી પરના મસામાંનો એક વાળ – એ ઘસી ઘસીને લૂછવા લાગી. ઝાંખા પડી ગયેલા દર્પણને સ્વચ્છ કરતી હોય તેમ એ લૂછ્યે જ ગઈ. એ દર્પણ સ્વચ્છ થતાં એમાં કોઈ નવો જ ચહેરો નહીં દેખાય? એને કુતૂહલ થયું. ચહેરા પરનાં ચોત્રીસ પડ જો ઘસી નાખે તો? તો પોતે પોતાને ઓળખી શકે ખરી? પછી ‘પોતા’ જેવું રહે જ શું? – આ વિચારે એ બમણા ઉત્સાહથી ચહેરો ઘસી ઘસીને સાફ કરવા લાગી. એકાએક એને થયું: મારા બે હાથ જોડે બીજા કોઈ બે હાથ મારો ચહેરો ઘસીને સાફ કરી રહ્યા છે. એ હાથ કોના હશે તે જોવા એણે આંખો ખોલી. ફરફરતા બારીના પડદાના પડછાયાની ઓથે કોઈ લપાઈ જતું લાગ્યું. એ સાવધ બની. એણે ઝટઝટ શરીરને વસ્ત્રોમાં લપેટી લીધું. ચોત્રીસ વર્ષના સાંધા સાંધી લીધા – સત્તર વર્ષના ભારેલા અગ્નિની જ્વાળાએ રેણ કરીને એ સાંધા સાંધી લીધા, ને એ બાથરૂમની બહાર આવી. ટોઇલેટ ટેબલ આગળ જઈને ઊભી રહી. ત્યાં નહોતી દેખાતી ફીત કે નહોતી દેખાતી બંગડીઓ. એ આમતેમ શોધવા લાગી. ચોર દેખાઈ ગયો હોય તેમ, દોડીને એનો પીછો પકડતાં બોલી, ‘ઊભી રહે તું, આ વખતે ઠીક લાગમાં આવી છે. મારી બધી ફીત સંતાડી દીધી છે. ખરું ને? તારા હાથ તો છે આવડા ટબૂકડા. મારી બંગડી તું શી રીતે પહેરવાની હતી? ને બંગડી તૂટે કરે ને કાચ વાગી જાય તો? ઊભી રહે. વારુ, દોડીને કેટલેક જવાની છે. તારી સંતાવાની જગ્યા હું જાણું છું. હં કે...’ કોઈ જોડે સંતાકૂકડી કે પકડદાવ રમતી હોય તેમ એ આમતેમ દોડાદોડ કરવા લાગી, એનાં ચોત્રીસ વર્ષો નાના બાળકના હાથમાંથી કાગળો સરી પડીને

પવનમાં ઊડાઊડ કરે તેમ જાણે ચારે બાજુ ઊડવા લાગ્યાં. ત્યાં જ કોઈકે બારણે ટકોરા માર્યા. એ સફાળી પોતાની જાતને એકઠી કરવા લાગી. એની મા તો વ્હીલ ચૅરમાં જ ફરી શકતી. એનાથી ઉપર આવી શકાય તેમ હતું જ નહીં. પણ જે કોઈ ઉપર આવે તે માની પરવાનગી મેળવ્યા વિના તો ન જ આવી શકે. કોણ હશે એ? ત્યાં ફરી ટકોરા પડ્યા. એણે પૂછ્યું: 'કોણ?' પ્રશ્નનો કશો ઉત્તર મળ્યો નહિ. એ બારણું ખોલવા ગઈ. અર્ધું બારણું ખોલીને એની પાછળ ઊભી રહી ગઈ. આથી પ્રવેશનાર સંકોચથી ઉમ્બર પર જ ઊભું રહી ગયું. એણે વિનયપૂર્વક ફરી પૂછ્યું: 'હું અંદર આવી શકું?' એ સમજી ગઈ. આ તો બિપિનચંદ્ર. એ બારણા પાછળથી બહાર આવી. ઉમ્બર આગળ ઊભી રહી. પછી કહ્યું: 'આપણે નીચે બેઠકમાં જ બેસીએ તો?' નીચે એની મા કાન સરવા રાખીને જ બેઠી હતી. એણે આ સાંભળ્યું. એ બોલી: 'ના, તમને વાતો કરવી ઉપર જ વધુ ફાવશે.'

આ માત્ર સૂચન નહોતું, આદેશ હતો. બિપિનચન્દ્ર આગળ વધ્યા. એમણે જોયું તો એ નાના ઓરડામાં એક્કેય ખુરશી ન હતી. આથી બેસવું હોય તો ખાટલા પર જ બેસવું પડે એમ હતું. ઘડીભર સંકોચ અનુભવતા એ ઊભા રહ્યા. પછી બીજો કશો ઉપાય નહીં જોતાં ખાટલા પર જ બેસી પડ્યા. બેસતાંની સાથે વિશિષ્ટ અધિકારનો ભોગવટો એમને મળી ગયો હોય એવું એમને લાગ્યું.

દર્પણમાંના બિપિનચન્દ્રના પ્રતિબિમ્બને એ જોઈ રહી. અકરાંતિયાની જેમ એમણે જિંદગીનાં વર્ષો ઠાંસી ઠાંસીને ભર્યાં હતાં. એનો ભાર ઉપાડવાનું એ જાણે સાધનમાત્ર હતા. એના હાથને કશું ઝાલવાનું જોઈએ તે માટે એ કોઈ સ્ત્રીનો હાથ શોધતા હતા. એના હાથ તરફ એની નજર ગઈ. એમના હોઠ પર જે શબ્દો નહોતા આવતા તે એ હાથની દસ આંગળીઓ ગોખી રહી હતી. એ આંગળીઓ અનુભવી હતી. આવા અનેક પ્રસંગોની એને યાદ હતી. ઉશીકાની પાસે પડેલી ચોળીનાં બટનને એ આંગળીઓ રમાડવા લાગી. એનાથી તરત પુછાઈ ગયું: 'તમે શું કરો છો?'

બિપિનચન્દ્રે વિગતવાર જવાબ આપ્યો: 'એક્સપોર્ટ ઇમ્પોર્ટનું બિઝનેસ છે. ફોર્ટમાં જગ્યા મળી જાય તો એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર કરવાનો પણ વિચાર છે, સુરત પાસે ઉધનામાં આર્ટિફિશિયલ સિલ્કની મિલ પણ ભાગીદારીમાં ઊભી કરવાનો વિચાર છે.'

એઓ બોલ્યે ગયા, પણ એ હવે શું કરવું તેની યોજના ઘડતી હતી, ચા કે નાસ્તો લેવાને બહાને નીચે જવું – પણ પછી શું? એને વાતોમાં રોકેલા રાખવા – પણ ક્યાં સુધી? એ આ ગડમથલમાં હતી ત્યાં જ બિપિનચન્દ્રે પૂછ્યું: 'ચાલો, જરા કારમાં બહાર ફરી આવીશું?' એણે કહ્યું: 'આજે તો આઠ વાગે મારી બહેનપણી આવવાની છે, ફરી કોઈ વાર.' 'ફરી કોઈ વાર' એણે પાછળથી શા માટે ઉમેર્યું તે એને પોતાને જ નહીં સમજાયું. બિપિનચન્દ્ર કશું ન સૂઝતાં એની સામે ટગર ટગર જોઈ રહ્યા હતા. આટલા નાના ઓરડામાં એમની એ દૃષ્ટિ એની સાથે અથડાઈને વળી ચારે બાજુની વસ્તુઓ સાથે ટકરાઈને એને વાગતી હતી. એ દૃષ્ટિ એના સુધી પહોંચે તે પહેલાં જ એને વચ્ચેથી છેદી નાખવાનો એ રસ્તો શોધવા લાગી. એ એકાએક પૂછી બેઠી: 'તમારાં છેલ્લા લગ્ન ક્યારે થયેલા?' બિપિનચન્દ્ર ચમક્યા. એમનાથી બોલાઈ ગયું: 'છેલ્લા લગ્ન? છેલ્લા શા માટે? હું તો તમને કહેવા આવ્યો છું કે –' વાક્ય એમણે પૂરું કર્યું નહીં. એઓ ઊભા થયા. ટોઇલેટ પાસે આવ્યા. એ વેળાસર ચેતી ગઈ. એણે લગભગ દોડી જઈને બારણું ખોલતાં કહ્યું: 'હું હમણાં ચા નાસ્તો લઈને આવું છું.' ને બિપિનચન્દ્ર કશું બોલે તે પહેલાં એ નીચે ઊતરી ગઈ. માએ ઓરડામાંથી જ બૂમ પાડી, 'સંયુક્તા', ને એ ઊભી રહી ગઈ. મા ફરીથી વેધક દૃષ્ટિએ એને તાગી રહી. ગાલ પર રતાશ નહોતી, પણ શ્વાસ જોરથી ચાલતો હતો. મા ખંધાઈભર્યું હસી. કશું બોલી નહીં. આથી સહેજ ધૂંધવાઈને એણે પૂછ્યું: 'શું કહેતી'તી તું?'

મા બોલી: 'ના, કશું નહીં,'

રસોડામાં જઈને એ બિપિનચન્દ્રનો વિચાર કરવા લાગી. મોટરમાં આગલી સીટ ખાલી રહે છે એ પૂરવાની છે. એમાં બાળક જેવી કશીક લાચારી હતી. કજિયો કરતા બાળકને એકાદ ટીપું મધ આપીએ તો બસ. એ બબડી: એકાદ ટીપું મધ! ફરી એ ઉપર આવી ત્યારે બિપિનચન્દ્ર ટોઇલેટ ટેબલ આગળના એના કોલેજ કાળના ફોટાને જોતા ઊભા હતા.

એમણે પૂછ્યું: 'તમે બી.એ.'50માં થયાં? હું બી.કોમ.'42માં થયો.' એણે કશો જવાબ વાળ્યો નહીં. '42ના બિપિનચન્દ્રને એ સાકાર કરવા મથી. બે મૃતપત્નીઓના સંસારને ખસેડીને એમને એ રૂપે જોવાનો પરિશ્રમ કરવા એ શા માટે લલચાઈ? એણે ચાનું કપ

એમની આગળ ધર્યું. એમણે એમની આંગળી નીચે એની આંગળી દાબી દીધી. એ દાબમાં પેલી બે મૃતપત્નીઓના હાથનો પણ સ્પર્શ હતો. એ સ્પર્શથી ધ્રૂજી ઊઠી.

બિપિનચન્દ્ર બોલ્યા: 'કેમ ધ્રૂજી ઊઠ્યાં? તમે તો સાવ નાનાં નથી!' એના કિલ્લાના ચોત્રીસ બુરજો પરની પતાકાઓ ફરફર ફરકી રહી. એણે પોતાના હાથને છોડાવવાનો પ્રયત્ન કર્યો નહીં. બિપિનચન્દ્ર એને પાસે ખેંચવા લાગ્યા. એ ખેંચતા હાથમાં ડૂબતા માણસના મરણિયાવેડા હતા. એ હાથને એ પોતે જ પંપાળીને આશ્વાસન આપવા લાગી. સાંજ વેળાના આછા અન્ધકારમાં બિપિનચન્દ્રની આકૃતિની માત્ર રૂપરેખા જ દેખાતી હતી. એની બધી વિગતો ભુંસાઈ ગઈ હતી. એક હૃષ્ટપુષ્ટ કાયા, ભીરુ પારેવાના જેવો એ હાથ, એની મદદે બીજો હાથ આવ્યો. એ બે હાથના ઘેરા વચ્ચે એ પુરાઈ ગઈ. અજાણ્યા શરીરની આબોહવામાં એનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એ ચક્કર ખાઈ ને પડી જશે એવું એને લાગ્યું. એનું માથું એણે બિપિનચન્દ્રના વક્ષ:સ્થળ પર ટેકવી દીધું. એણે ધબકારા સાંભળ્યા – એ ધબકારા હતા કે દોડતા ઘોડાના દાબડા? બિપિનચન્દ્રનો ભીરુ હાથ હિંમત એકઠી કરીને આગળ વધ્યો. એની આંખો સામે ચિત્ર ખડું થયું, દુશ્મનોએ ચારે બાજુથી ઘેરો ઘાલ્યો છે. કિલ્લાના દરવાજા પર ધસારો કર્યો છે. દૂર સુરંગની પેલી પાર વગડો વીંધીને ઘોડેસવાર પૂરપાટ દોડ્યો આવે છે, એના દાબડા એ સાંભળે છે. ત્યાં એકાએક બિપિનચન્દ્રના હાથ ઢીલા પડ્યા. એમની પકડમાંથી એ સરી પડી. બિપિનચન્દ્ર ખસી ગયા. ઊભા થઈને બોલ્યા. 'તો આવશો ને કોઈ વાર? 48, વોડર્ન રોડ.' એણે આ પૂરું સાંભળ્યું નહીં. હાથી ઊંટ અણીદાર ખીલા સાથે અથડાઈને પાછાં ફર્યા. દૂર ઘોડાના દાબડા હજી સંભળાતા હતા. એણે ભાનમાં આવીને જોયું ત્યારે ઓરડામાં એ એકલી હતી. અન્ધકાર સિવાય બીજું કશું એની સાથે નહોતું. એ ભયત્રસ્ત બનીને બારણું ખોલીને નીચે ઊતરી ગઈ. મા વ્હીલ ચૅર ખસેડીને એને પૂછવા જ આવતી હતી. ત્યાં એ એકદમ વળગી પડી. માનાં બે સ્તન વચ્ચે એનું મોઢું દબાઈ ગયું. માની છાતીના ધબકારામાં ફરી એને પેલા ઘોડેસ્વારના ઘોડાના દાબડા કાને પડ્યા. માનાં બન્ને સ્તન એને બે બાજુથી ગૂંગળાવી નાખતાં હતાં. એમાંથી છૂટવા મથવા લાગી. નખના નહોર ભરીને એ સ્તનને જાણે પીંખી નાખ્યાં. પણ ચારે બાજુ અન્ધકાર છવાતો ગયો. આ પેલી સુરંગ હતી? દૂર દૂરથી પેલો ઘોડેસવાર એને સાદ દઈ રહ્યો હતો. સંયુક્તા! સંયુક્તા!

—

મને આ બધી વાર્તાઓ લખ્યા પછી મારા મનમાં મૂળ પ્રશ્ન થયો કે આ વાર્તા કહેવી કેમ પડે છે? શા માટે? વાર્તા કહેવાની જરૂરિયાત જન્મજાત છે. માણસના મનમાં કહેવાની ને સાંભળવાની? એ પ્રશ્ન મારા મનમાં થયો એટલે મેં 'એકદા નૈમિષારણ્યે'ની વાર્તા લખી. નૈમિષારણ્ય છે એ વાર્તાઓનું જ વન છે. વાર્તાઓ કહેવાતી આવી. આ કથા, તે કથા – એમ શા માટે? કારણ કે માણસ એવાં દુઃખ અનુભવે છે, એવી વેદના અનુભવે છે કે જેનું મોઢું પોતે જ નથી જોઈ શકતો. એમાં આશ્વાસન પણ શોધવા માગે છે, આશ્વાસન ક્યારે શોધે? જ્યારે એનું મોંજોણું થયું હોય તો. નહિ તો તમે અંધારામાં પાછા ફરો. એટલે એ રીતે આવ્યું. પછી મને લાગ્યું કે મુંબઈ જેવા શહેરમાં રહ્યો, આખા દિવસની જીવનચર્યા જોઈ તો મને થયું કે આપણે ક્યાંય જતા નથી, ક્યાંયથી આવતા નથી. તો 'અગતિગમન'ની વાર્તા એ રીતે લખી. હવે આ પ્રશ્નો હતા. હવે એવો કોઈ પ્રશ્ન મારા મનમાં નથી. તો છતાંય મને લાગે કે ઘણા વખતથી કશું લખ્યું નથી ને લોકો કહેશે કે વાર્તા નથી લખતા, તો લાવ, લખી જોઉં. એ એક મોટો રોગ છે. તો હવે જેમ તમે આગળ જાઓ, તેમ લખવાનું. તમારે કંઈક વધારે મોટો પડકાર ઝીલવાનો હોય તો તમે લખો. નહિ તો જે કરી ચૂક્યા હો તેનું પુનરાવર્તન કરો તો હથોટી બેસી જાય ખરી, એની ના નહિ, પણ પછી નવું તમે ન કરી શકો.

**સુરેશ જોષી**